
એકદા
નૈમિષારણ્યે
- સુરેશ જોષી

# એકદા નૈમિષારણ્યે

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : કથાસાહિત્ય : ટૂંકી વાર્તા


## સુરેશ જોષી

એકદા નૈમિષારણ્યે Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


મુખપૃષ્ઠ vii

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ 1

સર્જક-પરિચય iv

એકદા નૈમિષારણ્યે vi

અર્પણ vii

અને હું – 9

પંખી 14

પુનરાગમન 18

એકદા નૈમિષારણ્યે 23

સંકેત – 28

મેં બારણું ખોલ્યું – 33

વ્યાધિ 38

મહાનગર 43

# મુખપૃષ્ઠ

# મુખપૃષ્ઠ



# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# એકદા નૈમિષારણ્યે

**એકદા નૈમિષારણ્યે**

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : કથાસાહિત્ય : ટૂંકી વાર્તા

**સુરેશ હ. જોષી**

સંકલન: શિરીષ પંચાલ

# અર્પણ

Everything

can be retouched

except

the negative

inside us.

**– Reiner Kunze**

## ચિ. કલ્લોલને

જો અસ્તિત્વવાદનું આંદોલન અસ્તિત્વમાં આવ્યું તો શાને કારણે આવ્યું? એને સમજવા માટે ને એનો મુકાબલો કરવા માટે હવે આ જ સ્થિતિ જો આજે પણ હોય તો આપણે અસ્તિત્વવાદને આજની સ્થિતિની કસોટીએ ચડાવીને જાણી લઈએ કે એમાં એ ઉપયુક્ત નીવડે છે કે કેમ? અસ્તિત્વવાદનું કહેવું એટલું જ છે કે જે બને છે તેમાંથી અનુપસ્થિત રહીને તમે એને સમજવાનો પ્રયત્ન ન કરો. આપણને આ બધું સમજાતું નથી, એનું કારણ એ છે કે ઘણી બધી પરિસ્થિતિમાંથી આપણે ક્યારના ગેરહાજર

રહેવાનું શીખી ગયા છીએ. જ્યાં આપણે ગેરહાજર છીએ ત્યાં શું ખુલાસો કરી શકીએ? હું પ્રામાણિક હોઉં તો જ્યાં ગેરહાજર હોઉં એને વિષે કંઈ ટિપ્પણી કરી ન શકું.

**સુરેશ જોષી**

# અને હું –

કોઈકે પૂછ્યું: ‘ હવે કોણ બાકી રહ્યું?’

મારું નામ બોલાયું, હું કહેવા જતો હતો કે હું તો અહીં છું જ. પણ ઘોંઘાટમાં મારું વાક્ય કોઈને સંભળાયું નહીં.

ખાસ કશો કાર્યક્રમ નહોતો. કોઈને તુક્કો સૂઝ્યો: આજે રાતે આપણે ઊંઘવાનું નથી. આખી રાત કોઈની કારમાં બેસીને શહેરમાં રખડવાનું છે. આમેય તે ઘરે રહેવા છતાં કોણ રાતે ઊંઘી શકતું હતું! અતુલના બાપને કેન્સર હતું એટલે આખી રાત એમનો પીડાને કારણે કણસવાનો અવાજ કોઈને જંપવા દેતો નહોતો. ધનુને પ્રેમનું લફરું હતું. જયાએ દગો દીધો હતો ને કોઈ સુખી શેઠિયાનો દીકરો એણે શોધી લીધો હતો. પ્રતાપને ક્ષય હતો ને સાંજથી જ તાવ ચઢતા ઊંઘી નહોતો શકતો. શોભાને તો બે વાર આપઘાત કરતાં બચાવી લીધી હતી. વિરજાને ઘરે ખાવાનાં ફાંફાં હતાં. એને બહાર ફરવાની છૂટ હતી. નટવરની પાસે પૈસો ખૂબ હતો, કશું કરવાનું નહોતું. એને ઘડીનો કરાર નહોતો. અને હું –

નટવરની ખખડધજ ડેમ્લરમાં અમે ઘણુંખરું રખડવા નીકળતા; એવું નહિ કે હંમેશાં ગપસપ ચાલ્યા જ કરે, ટોળટિખ્ખળ ચાલ્યા જ કરે. કોઈ વાર બધાં સાવ મૂગાં હોય. કોઈ વાર શોભા કશું દર્દનાક ગીત ગાતી હોય. પ્રતાપને તાવ ચઢ્યો હોય ત્યારે ખૂબ બોલતો. નવી નવલકથા લખવાનો આખો મુસદ્દો બોલી જતો. એમાં અપહરણ, ખૂન, એકલતા, હિંસા, ધર્મપ્રવચન, ફિલસૂફી – બધું માફકસરની માત્રામાં આમેજ કરવામાં

આવતું. શોભા હવે પછીનો એનો આપઘાતનો પ્રયત્ન કેવી રીતે સફળતાથી પાડ પાડવો તે વિશે બુદ્ધિપૂર્વક યોજના ગોઠવતી. ધનુ જયાની દગાખોરીનું વેર લેવાના મનસૂબા ઘડતો. વિરજા નાના બાળકની જેમ નટવર પાસે આ કે તે ભાવતી ચીજ લેવડાવીને ખાધે રાખતી. અતુલ એના બાપના ત્વરિત મરણથી પ્રાર્થના કરતો. અને હું –

પણ કોઈ વાર બધાં એક સાથે ચૂપ થઈ જતાં. શેરીના દીવાઓ વચ્ચે અમારા પડછાયાને લંબાતાટૂંકાતા જોઈ રહેતાં. આખરે કોઈક બોલી ઊઠતું: 'જો તો, શોભા કશીક ટીકડી ગળી તો નથી ગઈ ને?'

તરત જ શોભાનું અટ્ટહાસ્ય સંભળાતું. નટવર એક હાથ સ્ટીઅરિંગ પર રાખીને પાસે બેઠેલી વિરજાની મદદથી નવી સિગારેટ સળગાવતો. પ્રતાપ નવું ભાષણ કરવા તત્પર થઈ જતો. ધનુ દાંત કચકચાવીને હવામાં મૂઠી ઉગામતો, અતુલ મર્સીકિલિંગના ઇંગ્લૅંડમાં થયેલા કાયદાની વાતો કરતો. અને હું –

નટવરે ડેમ્લર રસ્તામાં ઊભી રાખી. એ સિગારેટનું પૅકેટ લેવા ગયો, વિરજા પણ સાથે ઊતરી. પાનની દુકાને ઊભેલા એક દાદાએ આંખ મીચકારીને અશ્લીલ ગાળ પિચકારી સાથે છોડી. પ્રતાપને એની વાર્તામાં ખૂનનો પ્રસંગ યોજવાનો નવો નુસખો સૂઝ્યો. ખૂન મોહક નારી દ્વારા જ થવું જોઈએ એવો એનો આગ્રહ હતો. એ કહેતો: 'આખરે સંસારમાં નારી સિવાય હત્યા કોણ કરે છે? એને નથી જોઈતું ખંજર કે નથી જોઈતું ઝેર. નારી હોવું એટલું જ એને માટે પૂરતું છે.' ધનુ આ સાંભળીને પ્રતાપ સામે ઘૂરકિયાં કરતો જોઈ રહેતો. શોભા ગાંડી સ્ત્રીની જેમ હસતી, અતુલ કાનમાં આંગળી નાખીને મોઢું બગાડતો. અને હું –

માહીમ કોઝવે આગળનાં ઝૂંપડાંમાંથી નટવર બિયરની સાત બાટલી ઉઠાવી લાવ્યો. અતુલે પૂછ્યું: 'પણ આઇસ વગર?' નટવરે કહ્યું: 'જો તો ખરો યાર, બિલકુલ ચીલ્ડ છે.' પ્રતાપે તાવથી તપેલા હાથે એની ઠંડક લોભી બનીને માણ્યા કરી. ધનુ અધીરો બન્યો. નટવરે કહ્યું: 'અહીં નહીં, કાલીના જઈએ,' વિરજા ગભરાઈને બોલી ઊઠી: 'બાપ રે, ત્યાં તો ગુંડાઓ છે.' શોભા હસીને બોલી: 'ગુંડાઓ અહીં ક્યાં નથી?' અતુલે એની ગળચી દબાવી, શોભાએ ડોક ઢાળી દઈને ડોળા ચઢાવી મરી જવાનો ઢોંગ કર્યો.

નટવરે કહ્યું: 'મરતાં તો નહીં આવડ્યું પણ મરવાનો અભિનય કરતાં તો તું શીખી ગઈ.' વિરજાએ કૃત્રિમ ગુસ્સો કર્યો ને નટવરને બચકું ભર્યું. પ્રતાપ બોલ્યો: 'નારીએ હજી એની મોહકતા પાછળ પશુના નખ અને દાંત સંતાડી રાખ્યાં છે.' ધનુએ અકળાઈને કહ્યું: 'નટવર ડેમ્લરને સ્ટાર્ટ કર, નહીં તો હું ધક્કો મારું.' એમ કહીને એ મારી સામે જોઈ રહ્યો. અને હું –

ડેમ્લર આગળ વધી. બિયરની છોળો છલકાવા લાગી. સાન્તાક્રુઝનું એરોડ્રોમ આવ્યું. એની પાછળના રસ્તેથી અમે જઈ રહ્યાં હતાં ત્યાં એકાએક શોભાએ નટવરને કહ્યું: 'જરા અહીં મોટર ઊભી રાખ.'

નટવરે પૂછ્યું: 'કેમ?'

શોભાએ કહ્યું: 'તને ધીમે ધીમે નશો ચઢતો જાય છે. એ સ્થિતિમાં હાઇવે પરના કોઈ ખટારા જોડે અથડાઈને ખતમ થઈ જવાનો વારો આવે તે પહેલાં આ મોટું વિમાન જોઈ લઉં.'

અતુલે હસીને કહ્યું: 'તારા જેવી પુણ્યશાળી નારીને તો તેડવા માટે સ્વર્ગનું વિમાન આવશે. તને આવા વિમાનનો શો મોહ?'

બધું ઝળાંઝળાં થઈ ગયું હતું. રાક્ષસી કદનું વિમાન ઊભું હતું. દૂરથી અમે બધી પ્રવૃત્તિ જોઈ રહ્યાં હતાં. પ્રતાપે ધનુને કહ્યું: 'મારી નવલકથાના નાયકનું મૃત્યુ કેવી રીતે યોજવું તેનો વિચાર કરતો હતો. પ્રોપેલરથી કપાઈને એના ટુકડેટુકડા ઊડે ને એ જ વિમાનમાં એની બેવફા પ્રેયસી જવાની હોય –'

નટવરે હસીને કહ્યું: 'એવું સાવ મેલોડ્રામેટિક લખીશ નહીં; એના ટુકડા ઊડતા જોઈને પેલી બેવફા પ્રેયસીને કશું થઈ જવાનું નથી. એ તો એનાં સમોસાં તળીને ખાશે.'

ધનુ ચિઢાયો. એણે સ્ટીઅરિંગ હાથમાં લઈ લીધંુ ને ગેસ પેડલ દાબીને મોટર ત્યાંથી ખસેડી લીધી. બે વાર તો ખટારા સાથે મોટર અથડાતી રહી ગઈ. વિરજા ગભરાઈને નટવરને વળગી પડી. નટવર અકળાયો. પ્રતાપને તાવનો નશો ચઢ્યો હતો. એણે

બોલવાનું શરૂ કર્યું: 'અકસ્માતથી આપણે બધાં સાથે મરી જઈએ તો? તો મારી સાથે સ્વર્ગમાં કોણ કોણ આવશે? કદાચ સ્વર્ગમાં જનારો હું એકલો જ હોઈશ.'

શોભાએ કહ્યું: 'તો તું અમને મૂકીને સ્વર્ગમાં જશે ખરો?' નટવરે કહ્યું: 'સ્વર્ગ તો સતજુગમાં જ હતું. હવે તો એ ખાલસા થઈ ગયું છે.'

ડેમ્લર દોડવા લાગી. ધીમે ધીમે અંધારું વધતું ગયું. દીવાઓ જાણે લાંબે અન્તરે આવવા લાગ્યા. બધાના ચહેરાઓને બદલે જાણે પડછાયાઓ જ રહી ગયા. કોઈ કશું બોલતું નહોતું. ઘડીભર તો જાણે ડેમ્લર કોઈ માયાવી લોકમાંથી પસાર થઈ રહી હોય એવું લાગ્યું. બધું સૂમસામ હતું. પવનનો પણ અવાજ નહોતો સંભળાતો. ડેમ્લરનો દોડવાનો અવાજ જ એક માત્ર અવાજ હતો. કોઈકના શાપથી જાણે પથ્થરનાં પૂતળાં બનીને બેઠાં હતાં. અમારાં બધાંનો સરવાળો બનીને જાણે એક મોટો પડછાયો બેઠો હતો.

ત્યાં પ્રતાપે લુખ્ખી ઉધરસ ખાવા માંડી. મોઢામાંથી થોડું લોહી નીકળ્યું. શોભાએ એ જોયું ને એ ગભરાઈ ઊઠી. પ્રતાપ કાંઈક વિલક્ષણ સન્તોષથી હસ્યો. એની આંખમાં તાવનો ચમકારો હતો. એની ઉધરસ અટકી ત્યાં એ બોલવા માંડ્યો: 'મને તમને સૌને જોઈને ને તમારી વાતો સાંભળીને હસવું આવે છે. તમે સૌ બેફિકરાઈનું નાટક માંડી બેઠા છો. 'મરણ' શબ્દને જાણે કશીક સ્વાદિષ્ટ વસ્તુ હોય તેમ મોઢામાં મમળાવો છો. પણ ઊંઘની ટીકડી જોડે ઢીંગલીની જેમ રમવું એ મરણ? આપણે સૌ શોભાને સાચવીએ છીએ, સાથે ને સાથે રાખીએ છીએ. રખેને એ આપઘાત કરી બેસે તો? શોભાને એ અભિનયમાં હવે રસ પડી ગયો છે. રખે એમ માનતા કે હું આમ કહું છું એથી એ મોટરમાંથી ભૂસકો મારશે...'

શોભાએ પ્રતાપને એક તમાચો ખેંચી કાઢ્યો. પ્રતાપ ફરી એનું વિલક્ષણ હાસ્ય હસ્યો. ફરી એણે બોલવા માંડ્યું: 'અહીં કોને મરવાનું બાકી છે? આ નટવર સુખના નાના ખાબોચિયામાં સડતો પડ્યો છે, આ વિરજા પોતાના શબને સ્થૂળ શરીરમાં સંતાડીને ફરે છે, આ અતુલ મનમાં ને મનમાં કેટલીય વાર પિતાની હત્યા કરીને રીઢો હત્યારો બની ગયો છે, આ ધનુ પ્રેમનો ફાંસો ખાઈને બધું ભાન ભૂલી ગયો છે. આપણામાંના કોઈની પાસે મરણ સુધ્ધાં આગવું નથી. થોડા થોડા ધીમે ધીમે બધાં મરતાં જાય છે. આ ડેમ્લર

દોડ્યા કરશે, થોડી વાર પછી એ દોડ્યા કરે છે એ વાત પણ આપણે ભૂલી જઈશું. બધાં પાસે ટુકડો ટુકડો મરણ છે, તેને ચૂસતાં બેસી રહીશું –'

ત્યાં નટવરે એકાએક મને યાદ કર્યો અને પૂછ્યું: 'ક્યાં છે અજય?' હું બોલ્યો તો ખરો પણ મારો અવાજ મને જ નહીં સંભળાયો. નટવર બોલ્યો: 'ધનુ, ચાલો અજયને તેડી લાવીએ.' ફરી હું બોલ્યો કે હું તો આ રહ્યો, પણ કશું સંભળાયું નહીં. ડેમ્લર દોડીને મારા ઘર પાસે આવી પહોંચી. નટવરે બારણું ઠોક્યું, બારણું ખૂલ્યું . નટવર અંદર ગયો ને મૂંગો મૂંગો બહાર આવ્યો. શોભા અંદર ગઈ ને જડવત્ પાછી ફરી. પ્રતાપ અંદર ગયો ને યંત્રવત્ આવીને પાછો બેસી ગયો, ધનુ અંદર ગયો ને ગળેથી જાણે ગાળિયું દૂર કરતો હોય તેવું કરતો કરતો પાછો આવ્યો. વિરજા ગઈ ને બે હાથે આંખો ઢાંકી દઈને લથડતી લથડતી પાછી આવી, અને હું –

હું ઘરમાં ગયો ને જોયું તો મોભ સાથે દોરડાનો ફાંસો બાંધ્યો હતો. ફાંસો ખાઈને હું જ લટકતો હતો. ફરી મારી જગ્યાએ બેસી જવા હું બહાર નીકળ્યો. જોયું તો દૂર દોડી જતી ડેમ્લરનો લાલ દીવો દેખાતો હતો. હું પાછો ફર્યો. ફાંસો ખાઈને લટકતા એ શરીરમાં હું બરાબર ગોઠવાઈ ગયો ને ઝૂલવા લાગ્યો.

# પંખી

ઓરડામાંનો અરીસો બહારના સૂર્યના કર્કશ ઘોંઘાટનો પડઘો પાડતો હતો. પવન પંખીઓની બીડેલી પાંખ વચ્ચે લપાઈ ગયો હતો. મૃગજળની છાલક ઘરની અંદર પણ જાણે વાગ્યા કરતી હતી. બીજી જ ક્ષણે બાષ્પ બનીને સૌરમંડળમાં ખોવાઈ જવાની હોય તેમ પૃથ્વી સ્તબ્ધ બની ગઈ હતી. સમયનો પારો કોણ જાણે ક્યાં ઢોળાઈ ગયો હતો. એકવચન અને બહુવચનનો ભેદ ભુંસાઈ ગયો હતો. આ નિસ્તબ્ધતામાં એકાએક કશો અવાજ સંભળાયો. એ નિઃશ્વાસ હતો કે ફુત્કાર? એ તરફ મેં ધ્યાન જ ન આપ્યું હોત પણ એ અવાજ અવિરત ચાલુ રહ્યો. એ અદૃશ્ય અવાજ વધુ ને વધુ નજીક આવતો જતો ચાલ્યો. આ અશરીરી અવાજને શોધવો ક્યાં? એ કોઈ અન્ય નક્ષત્રચારીનો અવાજ હશે?

સૂર્ય મ્લાન થતો લાગ્યો. કશાકનો પડછાયો વિસ્તરતો જતો હોય એવું લાગ્યું. એ કોઈ અન્ય પરિમાણનું સત્ય હશે? મારા ઘર સાથે ઊંચકાઈને હું કોઈ બીજા જ લોકમાં તો નથી ફેંકાઈ ગયો ને? બહાર ભયભીત દૃષ્ટિએ નજર કરી તો બધું બદલાઈ ગયેલું લાગ્યું. ઘર પાસેનો પરિચિત લીમડો તોતિંગ આકાર ધારણ કરીને ઊભો હતો. બારીની પાળ પર ચાલતી કીડીની આંખો મણકા જેવી મારી સામે તાકી રહી હતી.

ત્યાં એકાએક કશાકની ઝાપટ વાગી અને મારી આંખો બંધ થઈ ગઈ. થોડી વાર તો જાણે હું સાવ ભાન ખોઈ બેઠો. પછી આંખો ખોલીને જોયું તો બારી આખી કોઈ આકારથી ઢંકાઈ ગઈ હતી. ઘરમાં આજ સુધી નહીં જોયેલો એવો વિચિત્ર પ્રકારનો અન્ધકાર છવાઈ ગયો હતો. ખરું જોતાં એને અન્ધકાર નહીં કહેવાય, ધુમ્મસ પણ નહીં કહેવાય.

બધું દેખાતું હતું, પણ પદાર્થોના પર કોઈએ મેલા રંગનું પોતું ફેરવી દીધું હોય એવું લાગતું હતું.

બારીમાંનો એ આકાર ધબકતો હતો. મેં નજર ઠેરવીને જોયું તો બે પગના પંજા દેખાયા. આંકડાની જેમ વાળેલા પાંચ તીક્ષ્ણ નખ દેખાતા હતા. એ બિલકુલ સ્થિર હતા. મારી દૃષ્ટિ હું એના પરથી ખસેડી શકતો નહોતો. ચારે તરફ બીજા કશાનો અણસાર સુધ્ધાં વર્તાતો નહોતો. જાણે આખી પૃથ્વી પર એ આકાર અને હું જ માત્ર રહી ગયા હતા. મંજુ નહીં તો રોજ મને કાંઈનું કાંઈ પૂછીને પજવતી હોય, પવનથી બારી અથડાતી હોય, ક્યાંક સરાણિયાની સરાણ ફરવાનો અવાજ આવતો હોય, બરફના ગોળાવાળાની ઘંટડી સંભળાતી હોય. પણ આ તો અરીસો સુધ્ધાં અલોપ થઈ ગયો હોય તેમ લાગતું હતું.

ત્યાં મેં જોયું તો બધું ખરતું લાગ્યું. ધરતીકમ્પથી મકાન ભોંયભેગું થાય અને ઈંટ ચૂનો ખર્યા કરે તેમ બધું એમાં ઢંકાઈ જતું લાગ્યું. જાણે આખું આકાશ રજ રજ થઈને ખરતું હતું. મણકા જેવી આંખોવાળી લાલ તગતગતી કીડીઓ એકએક કણ લઈને હારબંધ ચાલી જતી હતી. ઘડીભરમાં હું આ કીડીઓથી ઘેરાઈ જઈશ એવું મને લાગ્યું. ત્યાં પેલો આકાર સહેજ ખસ્યો. એના ખસવાની ઝાપટ વાગવાથી કીડીઓ જાણે એક ફૂંકે ક્યાંની ક્યાં ફેંકાઈ ગઈ. હું પણ ક્યાંક ફંગોળાઈ ગયો. મને મારી આજુબાજુ દીવાલો દેખાતી નહોતી. પણ થોડેક દૂર કશુંક તગતગતું દેખાતું હતું. એ શું હશે તે હું એકદમ કળી શક્યો નહીં. પછી નજર સ્થિર કરીને જોયું તો એ કોઈકની આંખ હતી. એ આંખની આજુબાજુ લાલ કિનારનું વર્તુળ હતું. એ આંખ થોડી થોડી વારે ફરકતી હતી. સમયનું માપ જાણે એ આંખના પલકારાથી જ નીકળતું હતું. એ આંખથી દૂર ક્યાંક સરી જવું જોઈએ એવું મને થયું. હું સહેજ હાલ્યો કે તરત જ પંજો હાલ્યો અને ઊંચો થયો. હું ફરી જાણે જમીનમાં જડાઈ ગયો.

હજી મારી આંખની પાંપણ હું ઉઘાડબંધ કરી શકતો હતો. આ ભયથી બચવાનો એક જ ઉપાય હતો. મેં આંખ બંધ કરી દીધી. ઝાંખી થઈ ગયેલી એક છબિને નજર સામે જોઈ એ બહુ દૂર હતી. પણ હતી તો એ જ, હું લગભગ બોલી ઊઠવા ગયો – પદ્મા! એણે જાણે એ ન બોલાયેલો સાદ સાંભળ્યો હોય તેમ એની આંખો મને શોધવા લાગી. અમારી વચ્ચે કેટલું અન્તર હતું તે મને સમજાતું નહોતું. મેં એની તરફ ડગલું ભરવાનો પ્રયત્ન

કર્યો. પગ જાણે રેતીના ઢગલામાં દટાઈ ગયા હતા. ડગલું ભરવા છતાં પગ ત્યાંના ત્યાં જ પડતા હતા. પદ્માના હોઠ હાલતા હતા. એ કશુંક કહી રહી હતી. અમારી વચ્ચે તો કેટલાય માણસોનું ટોળું હતું. આથી ઘણી વાર દૃષ્ટિનો દોર તૂટી જતો હતો. પદ્મા, મેં નહોતું કહ્યું કે મારી આંગળીમાં ગૂંથેલી તારી આંગળી છોડીશ નહીં. જો એવું થશે તો વિખૂટા પડી જઈશું. પણ પદ્મા, તારી હઠ –

હું ડગલાં ભર્યે જ ગયો અને મારો શ્વાસ ખૂટવા લાગ્યો. જો સહેજ ઊભો રહી જઈશ તો પદ્મા ખૂબ દૂર નીકળી જશે ને પછી તો સાવ ખોવાઈ જ જશે એ વિચારે હું શ્વાસ લેવા થંભ્યો નહીં. ત્યાં પદ્માના મુખ પર સ્મિતની ચમક દેખાઈ. એણે મને ઓળખી કાઢ્યો હશે ને તેથી જ એ રાજી થઈ હશે એમ મેં માન્યું. પણ એ તો એકાએક ઊભી રહી ગઈ. મેં હાથ લંબાવ્યો ને ત્યારે જ મને ખબર પડી કે એનો હાથ એક બીજા હાથમાં જઈ પડ્યો. પછી એણે પીઠ કરીને વિરુદ્ધ દિશામાં ચાલવા માંડ્યું. એની સાથે કોઈક હતું. મારા પગ થંભી ગયા. રેતી જાણે મને ગળી જવા લાગી. મેં ન છૂટકે આંખો ખોલી. ઘડીભર તો મેં પદ્માની આંખોને જ મારી સામે જોઈ, એનો હાથ જ મારી તરફ લંબાયેલો હોય એવું મને લાગ્યું. એથી કાંઈક વિશ્વસ્ત બનીને હું આગળ વધવા ગયો ને બધી ભ્રાન્તિ સરી પડી. પેલી રાતી કિનારવાળી આંખે પલકારો માર્યો, દિશાઓ હાલી ઊઠી. પદ્મા ક્યાંક હસતી હતી. એના હાસ્યનો રણકાર ચારે બાજુ ગાજી ઊઠતો હતો. વચ્ચે વચ્ચે એ કાંઈક બોલતી હતી, પણ એ શબ્દો તરત જ એના હાસ્યના રણકારમાં ખોવાઈ જતા હતા.

ઘડીભર હું બધું ભૂલી ગયો. પદ્માને જોઉં છું, પણ નથી હોઠ, નથી નાક, નથી કપાળ. નરી બે આંખો. એ બે આંખો સરી પડે છે, એની પાછળ બીજી બે આંખો – આંખો રેલાઈ જાય છે ચારે બાજુ. હું મારા હાથથી એને ઢાંકી દેવા જાઉં છું. ત્યાં ફરી પદ્માનું હાસ્ય રણકી ઊઠે છે. એ છેક કાન પાસે આવીને બોલી ઊઠે છે: એમ હું હાથ નહીં આવું. એ 'નહીં આવું' 'નહીં આવું'ના પડછંદા મારા કાનમાં ગાજી ઊઠે છે. એ પડછંદાની જ બની છે હવા, એ પડછંદાનું જ બન્યું છે આકાશ.

એકાએક પેલો આકાર લઘુકાય બનીને મારી પાસે સરે છે. પંખી જેવી એની ચાંચ છે, વાઘ જેવા એના નખ છે. આંખો રાતા અંગારા જેવી તગતગે છે. મારી છાતી પર એ બેઠું છે. મારા એકએક શ્વાસને ચાંચમાં લઈને ચણે છે. જીવનભરના મારા બધે વેરાયેલા શ્વાસ

એની ચાંચ આબાદ ઝડપી લે છે. પદ્મા, તું જે ઉષ્ણ નિઃશ્વાસથી દાઝીને ભાગી ગઈ હતી તે પણ એની ચાંચમાં ઝડપાઈ ગયો છે. હું જાણે વજન વગરનો થતો જાઉં છું. મને ઊડી જતો રોકી રાખવા એણે એનો પંજો મારા પર દાબી રાખ્યો છે. ક્યાંક ઊંડે ઊંડે એની ચાંચ કશુંક શોધી રહી છે. મારી પદ્માકાર ચેતનાનો તણખો એની ચાંચમાં પકડાતો નથી. એ તણખો મારી આંખમાં લપાઈ ગયો છે.

ઘર તો આખું ભરાઈ ગયું છે. રાજેન્દ્ર સિગાર ફૂંકતો બેઠો છે. માલા શરબત પીતાં પીતાં અશોક સામે જોઈ રહી છે, લીલા માલાને કશુંક કહી રહી છે પણ માલાનું એ તરફ ધ્યાન નથી. કોઈક મને ઉદ્દેશીને બોલી રહ્યું છે અને ક્યાંક બેઠા બેઠા હું એનો જવાબ આપું છું તેય મને સંભળાય છે. મને લાગે છે કે પદ્મા પણ આટલામાં જ ક્યાંક હશે. એને શોધતો જ હતો ત્યાં બારણું ખૂલે છે ને પદ્મા આવે છે, મીઠું હસે છે. 'સોરી ફોર બીઇંગ લેઇટ.' વાતો ચાલે છે, રંગબેરંગી ફુગ્ગા ઊડે છે. હાંડીઝુમ્મર હાલે છે. દીવાલ પર એની ભાત નાચે છે. ત્યાં પદ્મા એની મીઠી હલકથી ગાય છે. ક્યાંક બેઠેલા મને પૂછે છે; 'ગીત ગમ્યું?' હું મારો અવાજ સાંભળું છું ને એ અવાજને આધારે મને શોધવા મથું છું. પણ ક્યાં છે મારી આંખો......

પંખીની ચાંચ હવે મારી આંખને ખોતરે છે, પણ એ તો જાણે આંખોનો ઊંડો સાગર. એક આંખ ચૂગે અને વળી બીજી આંખ ફૂટે, એની છીપમાં ત્રીજી આંખ. છીપ ખૂલે, આંખ ઊઘડે, ચાંચ ચૂગે...... માલાના હાથમાંનું શરબત ઢોળાય, લીલાની જીભ દાંતથી ચવાઈ જાય, અશોકના હોઠ સિગારેટથી દાઝે, ક્યાંક મારી ઊધરસનો અવાજ હું સાંભળું, પણ પદ્માકાર ચેતનાનો તણખો લઈને મારી આંખ ભાગે, સૂરજનાં વન વીંધીને ભાગે, બ્રહ્માના પ્રહરને થંભાવીને ભાગે......

# પુનરાગમન

એણે જોયું તો વાડાનું બારણું ખુલ્લું હતું. વૃક્ષોની ઘટા વચ્ચેથી ચાંદનીમાં ચળકતાં તળાવનાં સ્થિર જળ દેખાતાં હતાં. ક્યાંક ચીબરી બોલતી હતી. બાકી બધે અપાર્થિવ નિસ્તબ્ધતા છવાઈ હતી. એને લાગ્યું કે આજુબાજુનું બધું જ એનું વજન અને પરિમાણ ખોઈ બેઠું હતું. સહેજ સરખી પવનની લહેરખી આવતાં બધું ધ્રૂજી ઊઠતું હતું. ઘરમાં જાણે એના સિવાય કોઈ રહ્યું નહોતું. એને થયું: 'લાવ, સાદ દઈને કોઈને જગાડું.' એને લાગ્યું કે એણે સાદ પાડ્યો પણ ખરો. જાણે એના પડઘા દૂર દૂર સુધી પથરાઈને બોદા બનીને શમી ગયા. હવા જો જોરથી ફુંકાય તો રખેને પોતે ક્યાંક ઊડીને જઈ પડે, એવા ભયથી એણે ખાટલાને પકડી રાખ્યો. પણ એને તરત જ સમજાઈ ગયું કે એની પકડમાં કશો દાબ જ નહોતો. એ કાન સરવા રાખીને બેઠો રહ્યો. વાડામાંની ધની ગાય ભાંભરે, પડોશના દલપત ડોસાની ઊધરસની ઠણકી સંભળાય, રાતે પસાર થતી ગાડીનો અવાજ સંભળાય – પણ કશું કાને પડ્યું નહીં. એને લાગ્યું કે એની ઇન્દ્રિયો એને છેતરી રહી હતી. કદાચ ભીમનાથ મહાદેવમાં ચાલતી કથા હજી પૂરી નહીં થઈ હોય, કદાચ હજી લોક વિખરાયું નહીં હોય. પણ ચાંદનીમાં પડતા પડછાયા જોતાં લાગ્યું કે રાત ઘણી વીતી ગઈ હતી. હવે કદાચ થોડી વારમાં ભડભાંખળું થશે. આમ વિચારીને એણે આંખ બીડવાનું નક્કી કર્યું. ત્યાં દૂર કશોક પ્રકાશ દેખાયો. ગામને પાદરે રેલવે ફાટક પાસે થઈને કોઈ ફાનસ લઈને જતું હશે? કોઈ ખેડૂત વહેલો ઊઠીને ખેતર તરફ જતો હશે? કે પછી કોઈ મરી જવાથી સ્મશાન તરફ એને લઈ જતા હશે? એ પ્રકાશ કેટલે અન્તરે છે તે એને સમજાયું નહીં. ઘડીમાં એ એને પોતાની દિશામાં આગળ વધતો લાગે તો ઘડીમાં એ ખૂબ દૂર જતો લાગે. એને થયું કે જો ઊંઘ આવવાની જ ન હોય તો જરા બહાર જઈને ઊભો

રહું. ત્યાં એકાએક એની નજર પડી ને જોયું તો પેલો પ્રકાશ દેખાતો નહોતો, પણ દૂર દૂર કેટલાક માણસો(કે પછી પ્રાણીઓ?) જતા લાગ્યા. પણ વળી એને પોતાની આંખ પર વિશ્વાસ બેઠો નહીં. ઊઠીને જો એ બહાર જાય, પવન એને ક્યાંક ઉડાવી લઈ જાય, અથવા તો દિશાનું ભાન ભૂલીને એ ગમે ત્યાં જઈ ચડે તો? આથી એ મૂંઝાઈને બેસી રહ્યો. એને થયું કે ઊઠીને બારણું બંધ કરી દઉં, જેથી આ બધું દેખાતું બંધ થાય અને અંધારામાં એ આંખ બંધ કરીને સૂઈ જઈ શકે. આમ વિચારીને એ હિંમત કરીને ઊઠ્યો. એણે બે ડગલાં ભર્યાં પણ બારણું તો દૂર ને દૂર જતું હોય એવું લાગ્યું. પાછળ નજર કરીને જોયું તો ખાટલો દેખાતો નહોતો. થોડી વાર એ એમ ને એમ ઊભો રહ્યો. પછી મનમાં હિંમત એકઠી કરીને એણે આગળ વધવાનું નક્કી કર્યું. ઘર પાછળનું ખીજડાનું ઝાડ, એનાથી થોડે દૂર દૂબળાનાં છાપરાં, પછી તો પોતાનું ખેતર... 'લાવ, હુંય ખેતરે જવા નીકળી પડું.' પેલી આમલી પર વાંદરાનું ટોળું બેસે છે, પાદર આગળના વડ નીચે સૂતેલ ઢોરનું ટોળું વાગોળતું બેસે છે, શીતળા માતાની દહેરી આગળ કોઈક ને કોઈક હશે જ. પછી તો રેલવેના પાટા, હવે સવારની લોકલ આવવાનો વખત થયો જ હશે ને? પણ હજી બારણું વટાવી શકાતું નહોતું. એણે દૂર નજર નાખીને જોયું તો દૂર, દશેરાની ટેકરી આગળ જ કદાચ, ધોળા આકારો જતા લાગ્યા, એકની પાછળ એક – કીડીઓ ચાલે તેમ, પણ ટેકરી એને દેખાતી હતી ખરી કે પછી એ પણ એની છેતરામણી આંખે ઊભી કરેલી ભ્રાન્તિ!

એ જે હોય તે, એણે આગળ ડગલાં ભર્યાં. બારણું દેખાતું નહોતું. કદાચ એ બારણાની બહાર નીકળી ચૂક્યો હતો પણ ચાંદનીમાં દેખાતા વિસ્તારમાં પરિચિત ચિહ્નો એણે શોધ્યાં તો કશું દેખાયું નહીં. એની પાસે, કદાચ એની પાછળ જ, કોઈક એને અણસારો કરી રહ્યું હોય એવું એને લાગ્યું. પાછું વળીને જોવાની એની હિંમત ચાલી નહીં. રખેને – પણ એ કોઈ એટલું તો નજીક હતું કે એનો શ્વાસ પણ એની ગરદનને સ્પર્શતો હતો. હમણાં જ કોઈ એને ખભે હાથ મૂકશે, અથવા એનો હાથ ઝાલશે એવી અપેક્ષાએ એ ઊભો રહ્યો, પણ...

હમણાં ડાંગરના ખેતરની વાસ આવશે, હમણાં ઝાકળભીના ઘાસનો ઠંડો સ્પર્શ થશે, હમણાં દૂબળાઓનાં ઝૂંપડાંમાંથી ધુમાડો ઉપર જતો દેખાશે, પણ...આંખ સામે અફાટ

વિસ્તાર હતો, તળાવડી દેખાતી બંધ થઈ ગઈ હતી. દેખાતા હતા માત્ર પેલા ધોળા આકારો. એ આકારો સ્થિર નહોતા. એની લાંબી ને લાંબી થતી જતી હાર દેખાતી હતી. કદાચ એ પોતે પણ એ હારમાં જ નહોતો ચાલી રહ્યો? એ પોતે જાણે એની આંખ, એનાં હાથપગ, એનાં અંગો પાછળ મૂકી આવ્યો હતો. માટે જ તો બધું દેખાતું હતું. છતાં એની આંખ સાક્ષી પૂરતી નહોતી; એ ચાલતો હોય એમ લાગતું હતું છતાં એના પગ એમાં ભાગ લેતા નહોતા, એ છે એમ એ માનતો હતો છતાં એનાં અંગો એનો પુરાવો આપતાં નહોતાં, અને છતાં એની ચેતના મૂર્ચ્છિત નહોતી થઈ ગઈ, એની સ્મૃતિ સતેજ હતી, પણ એને ગૂંથનારું સૂત્ર સરી પડ્યું હતું...

એણે જોયું તો ધૂંધળી ચાંદનીમાં એનાથી થોડે છેટે કોઈક મહાનગરની રેખાઓ ઊપસી આવતી હતી. એ બધું જાણે ખૂબ ખૂબ નીચે હતું. એ ક્યાંક બહુ ઊંચે સ્થાને ઊભો હતો. એ નગરના એકેએક ઘરને એ ગણી શકતો હતો. પણ આખું નગર જાણે ચાંદનીને તળિયે ડૂબી ગયું હતું. સહેજ પવન આવતાં એ બધું ચીતરેલા પડદાની જેમ હાલતું હતું. એની ચારે બાજુથી ધોળા આકારોની હાર ચાલી જતી હતી અને દૂર કોઈ મોટા પર્વતના પડછાયામાં અદૃશ્ય થઈ જતી હતી.

ત્યાં એકાએક ચારે બાજુની નિસ્તબ્ધતાને ભેદતો કશોક અવાજ ખૂબ દૂરથી નજીક ચાલી આવતો હોય એવો એને ભાસ થયો. એ અવાજ ચારે બાજુના શૂન્ય સાથે પડઘાઈને રણકી ઊઠતો હતો. ધીમે ધીમે જાણે એનાં મોજાં ઊછળતાં ગયાં. એના પડઘા રૂપે એનામાં કાંઈ કેટલાય વિલક્ષણ અવાજો આળસ મરડીને બેઠા થવા લાગ્યા. એ અવાજો ગોઠવે, સમજે તે પહેલાં તો બીજાં મોજાં ધસી આવતાં હતાં. વૈશાખના વાયરા, અષાઢની હેલી, જ્વાળામુખીનો સ્ફોટ, ઘાસનું ઊગવું, ઝાકળનું પડવું, ફૂલની પાંખડીનું ખરવું, સૈન્યોની કૂચ, તોપોનો ધણધણાટ, મન્દિરના ઘણ્ટ, વનનો દવ, પશુઓની ત્રાડ, પ્રસૂતાઓની ચીસ, ઇસ્પિતાલના દર્દીઓનું કણસવું – આખો અવાજોનો સમૂહ જાણે ઊભરાતો હતો. એથી ઘેરાઈને, એમાં ડૂબીને, એના વમળમાં ઘૂમરી ખાઈને એ આગળ જઈ રહ્યો હતો કે પાછળ તેની હવે એને ખબર નહોતી.

એકાએક પેલું નગર ખરેલા પાંદડાની જેમ ઊડી ગયું, આકાશ કોઈ વસ્ત્રની જેમ સંકેલાઈ ગયું, સૂર્યચન્દ્રને પાંખો ફફડાવતુંકને કોઈ પંખી ચણી ગયું. એ નર્યો શૂન્ય

પ્રસાર કેવળ પડછાયાના જેવો વિસ્તરતો ગયો, ધ્રૂજતો ગયો. વર્ષોના લીરા આમતેમ ફંગોળાઈને ડમરી રૂપે ઉપર ને ઉપર ચડતા ગયા. છતાં આ શૂન્યમાં એ શૂન્ય રૂપ નહોતો. કશીક વેદનાના ગર્ભમાં જાણે એ ઊંધે માથે લટકતો હતો. એ યાદ કરવા મથ્યો: આમલીના ઝાડ પર બેઠેલો ઘડચો, ખીજડાનું અર્ધું બળી ગયેલું થડ, પાર્વતી ડોસીના કપાળ પરનો ઘા, પોતાના મૂંગા, બહેરા દીકરાની કરુણ કરુણ આંખો, લજ્જાઢાળ્યાં નેણવાળી ષોડશી મુગ્ધા માફો, જીવનનો પ્રથમ મરણશોક, વિયોગ, વદાય – આ બધું હાથમાં આવતાંવેંત જાણે લિસ્સી માછલીની જેમ સરી ગયું. એ બધું સરી ગયું છતાં જાણે ક્યાંક એક ગાંઠ બનીને પીડવા લાગ્યું. પણ આ નરી પીડા નહોતી. જાણે કશુંક પોતાનાથી છૂટું થવા ઇચ્છતું હતું. એના છૂટવાના ઉધામા એને ઉઝરડી જતા હતા. એના ઉગ્ર દાહથી એ બળતો હતો. એ બળતો હતો, છતાં રાખ થઈને ઊડી નહોતો જતો, એ દાહની શિખા જ જાણે એની ચેતના હતી.

ત્યાં એકાએક કશું વિરાટકાય એની તરફ આવતું હોય એવું એને લાગ્યું. એનો પ્રલમ્બ પડછાયો એ હતો ત્યાં સુધી વિસ્તરતો વિસ્તરતો આવવા લાગ્યો. એની અણીથી એ વીંધાઈને ઊંચકાયો, વીંઝાયો, દૂર દૂરના ગ્રહો સાથે એ ઘૂમરડી ખાવા લાગ્યો, એકસરખા કશાક વિલાપનો સૂર એને ઘેરી વળ્યો. એ સૂરમાં જ કશુંક ચીકણું ચીકણું હતું તે એને ચોંટવા લાગ્યું. એના ઘા બહેકી ઊઠ્યા. અપાદપાણિ એ નરી વેદનાનો પિણ્ડ બનીને ઘૂમરડી ખાતો ગયો. એ ઘુમરડી ખાતાં ખાતાં જ જાણે એ ઓગળતો ગયો. વહેતો ગયો, ઝમતો ગયો – અને આ બધાં રૂપાન્તરો છતાં એના પોતાપણાની ચેતનાની પકડ એના પરથી ઢીલી થઈ નહીં. ગરુડ પોતાના શિકારને લઈને ઊડે તેમ એની ચેતનાના પંજામાં ફસાઈને એ ક્યાંક ને ક્યાંક ફેંકાતો રહ્યો.

ફરી એને જાણે આંખો ફૂટી, એના હાથપગ હાલ્યા, પણ એનો ચહેરો હજી જાણે એને જ વરતાતો નહોતો. એણે જોયું તો એ ધોળા પડછાયાઓના ટોળા વચ્ચે ચાલી રહ્યો હતો. ક્યાંય કશો અવાજ નહોતો, શ્વાસનો ધબકાર નહોતો, પગલાંના પડઘા નહોતા. એ ખૂબ મથીમથીને પોતાના નામની ચીસ પાડવા ઇચ્છતો હતો, પણ હોઠ ખૂલતા નહોતા.

ધીમે ધીમે પ્રકાશનો અણસાર વરતાતો ગયો. તળાવડીનાં પાણી ચમક્યાં, ચીબરી અવાજ કરતી ઊડી ગઈ, કૂકડો જાગ્યો, વૃક્ષો એક પછી એક પ્રકટ થવાં લાગ્યાં. પવનની

લહેરખી ચંચળ બનીને દોડવા લાગી, દશેરાની ટેકરીએ માથું ઊંચું કર્યું, ડાંગરની ક્યારડીઓ સળવળી, દૂર ગાડીનો પાવો વાગ્યો. કેડી જીવતી થઈ, એના પર એણે પગને સ્થિર કર્યા. ધીમે ધીમે કેડી પર થઈને એણે ચાલવા માંડ્યું. દિશાઓ પ્રકટ થઈ, ઉપર આકાશની ભૂરાશ દેખાવા લાગી.

હજી ક્યાંય કોઈનો પદસંચાર નહોતો, દૂબળાઓનાં ઝૂંપડાંમાંથી ધૂમ્રસેર નીકળતી નહોતી, ગાય દોહવાનો અવાજ આવતો નહોતો, મન્દિરનો ઘણ્ટ રણકતો નહોતો. આ નિસ્તબ્ધતાની ઓથ લઈને એ ચાલ્યો, વાડમાં ગુપચુપ પ્રવેશ્યો, ઘરમાં પ્રવેશીને બારણું વાસ્યું અને અંદર જઈને ખાટલા પર પડેલા પોતાના ખોળિયાને ઓઢીને સૂઈ ગયો.

# એકદા નૈમિષારણ્યે

'એકદા નૈમિષારણ્યમાં એક ઋષિ હજારો વર્ષનું તપ તપતા બેઠા હતા. એમના મુખ પર બ્રહ્મતેજ હતું. આધિવ્યાધિઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત આ જગતમાં એ ઋષિ જાણે શીતળતાના દ્વીપ જેવા હતા. એમની આજુબાજુનાં વૃક્ષોનાં પાંદડાં ખરતી વખતે નિઃશ્વાસ નાખતાં ન હતાં; પુષ્પોને મુખે જાણે અશ્રુત ધ્વનિથી ઋચાગાન થતું હતું.' બોલતાં બોલતાં એને લાગ્યું કે એની કલ્પના બહેકવા લાગી હતી. શ્વાસ ખાવા થંભ્યો હોય એમ અટકીને એણે સામે બેઠેલી નારીના તરફ જોયું. એની આંખની કિનાર સૂઝીને લાલ થઈ ગઈ હતી. આંસુ પાંપણની કિનારે ચમકી રહ્યાં હતાં. એનો દીર્ઘ ઉષ્ણ નિઃશ્વાસ એ સાંભળી શકતો હતો. એ આધેડ વયની નારીનો ચહેરો વેદનાને કારણે કંઈક કદરૂપો લાગતો હતો. એણે ફરી શરૂ કર્યું, 'એક વાર એવું બન્યું કે શ્રાવસ્તી નગરીના કોટ્યાધિપતિ શ્રેષ્ઠી પરમાનન્દદાસ સમુદ્રયાત્રાએ ગયા તે ગયા, પાછા વળ્યા નહીં. એ વાતને બાર બાર વર્ષોનાં વહાણાં વાયાં હતાં, પણ પરમાનન્દદાસની ભાળ લાગી ન હતી. કેટલાય સૂર્ય તપ્યા પણ શેઠાણી રત્નલક્ષ્મીની આંખનાં આંસુ સૂકાયાં નહીં. દર વર્ષે વર્ષાનાં ઘેરાતાં વાદળ સાથે રત્નલક્ષ્મીના હૃદયમાં એથીય ઘેરાં વાદળો છવાય, પણ એ પછી શરદનો ચન્દ્ર અજવાળાં વેરે નહીં. તેમાં વળી ભગવાન રૂઠ્યા, પુણ્ય ખૂટ્યાં, પૂર્વજન્મનાં પાપ નડ્યાં ને એવું બન્યું કે શેઠાણી વેદનાથી મૂચ્છિર્ત થઈને પડ્યાં. એમનો એકનો એક દીકરો એક દિવસ અલોપ થઈ ગયો, શોધાશોધ ચાલી, પૈસો પાણીની જેમ વહેવડાવ્યો પણ ક્યાંય પત્તો ખાધો નહીં. હવે કરવું શું? જોષીઓને તેડાવ્યા, કુંડળી માંડી. જોષીઓ ખોટું આશ્વાસન આપીને ધન લઈને વદાય થયા. ભૂવાઓ આવ્યા, મેલી વિદ્યા જાણનારા આવ્યા. બધા જ શેઠાણીને આશ્વાસન આપે છે, પણ પતિ

કે પુત્ર કોઈનાય મુખનું દર્શન થતું નથી. દાસદાસી અને આશ્રિતોથી ભર્યા ભર્યા ઘરમાં કેવળ વેદનાનો હાહાકાર વ્યાપી ગયો છે. શેઠાણીની આંખનું તેજ ઓસરવા લાગ્યું છે. ભગવાનને ચરણે ઢળીને પ્રાર્થના કરે છે; 'ભગવાન, આંખનું તેજ લઈ લો તે પહેલાં એક વાર મારા કનૈયાકુંવરનું દર્શન કરાવો.' દિવસ વીતે, રાત વીતે પણ શેઠાણીના મહેલ સૂનાસૂના, આંગણું સૂનું સૂનું, હૃદય સૂનું સૂનું.'

'એવામાં કોઈ સિદ્ધ પુરુષ શ્રાવસ્તી નગરીમાં આવી લાગ્યા. નગર બહાર જીર્ણ શિવાલય પાસે એમણે વાસ કર્યો. શેઠાણી રત્નના થાળ ભરીને એમની પાસે દોડ્યાં. ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી; 'મારા દીકરાની ભાળ આપો, એનું મુખ દેખાડો.' સિદ્ધ પુરુષે આંખો ખોલી નહીં. ધૂળમાં આંગળીથી રેખા દોરી, દિશા ચીંધી. એનો મર્મ કોઈને સમજાયો નહીં. સિદ્ધ પુરુષના શિષ્યે કૃપા કરીને એનું રહસ્ય સમજાવ્યું. 'ઉત્તર દિશામાં સાત દિવસ અને સાત રાત ચાલશો એટલે નૈમિષારણ્ય આવશે. ત્યાં એક વિશાળ વટવૃક્ષની ઘટા નીચે એક ઋષિ હજાર વર્ષથી તપ તપતા બેઠા છે ત્યાં કશું પૂછશો નહીં, એમનો તપોભંગ કરશો નહીં. ધીરજથી રાહ જોજો, તમારું સદ્‌ભાગ્ય હશે તો ઋષિ ભાળ આપશે.'

શેઠાણી તો તરત રસાલો લઈને નીકળી પડ્યાં. તાપતડકો વેઠ્યો, ગાઢ અરણ્ય આવ્યું. ઋષિનાં દર્શન થયાં. કશું બોલ્યાચાલ્યા વગર શેઠાણી ઋષિના મુખ તરફ મીટ માંડીને બેઠાં. શેઠાણીનું ભાગ્ય ખૂલ્યું. દશમે દિવસે ઋષિ બોલ્યાઃ 'પશ્ચિમમાંથી તારો દીકરો પુષ્ય નક્ષત્ર બેસતા આવશે. પણ તું એને ઓળખી શકશે તો એ ઘરમાં પ્રવેશશે. તું નહીં ઓળખી શકે તો એ ફરી અલોપ થઈ જશે. શેઠાણી તો હરખથી ઘેલાં ઘેલાં થઈ ગયાં.'

આટલું બોલીને એ એકાએક થમ્ભી ગયો. એ એકાએક ચેત્યોઃ 'અરે, આ હું શું કરી રહ્યો છું? આ બાઈનો દીકરો પાછો આવશે એવું જૂઠાણું હું શા માટે કહી રહ્યો છું? દયા લાવીને કોઈને જૂઠું કહી શકાય? એ તો જુહુના દરિયામાં ડૂબી ગયો છે તે હું ક્યાં નથી જાણતો? આ બાઈના પતિએ નાસી જઈને બીજી સ્ત્રી સાથે દક્ષિણના એક શહેરમાં નવો સંસાર માંડ્યો છે તેય હું ક્યાં નથી જાણતો? પણ જેને સત્ય નથી ખપતું, અસત્ય જ જેનો આધાર, એવા લાચાર તેને હું શું આપું?'

એ નારીએ પૂછ્યુંઃ 'કેમ અટકી ગયા? પછી શું થયું? ઝટ ઝટ કહોને!' આ દુરાગ્રહથી એ

ધૂંધવાયો ને ફરી એણે આગળ ચલાવ્યું, ' શેઠાણી હરખાય પણ બીજી જ પળે વિચારમાં પડ્યાં: 'આટલાં વર્ષો વીત્યાં, હવે કોણ જાણે કેવા હશે એના વેશ? એ જુવાન થયો હશે. રમતમાં ઘૂંટણ છોલાયેલાં તેનાં ચિહ્ન સુધ્ધાં રહ્યાં નહીં હોય, હું ઓળખીશ શી રીતે?'

શ્રોતા નારી તરત બોલી ઊઠી: 'અરે, મા તે કાંઈ દીકરાને નહીં ઓળખે, મારો દીકરો પાછો આવે તો હું એક નજરે જ એને ઓળખી કાઢું. એનું માથું સૂંઘું, એને મોઢે હાથ ફેરવું...'

એ નારી બોલતી જ ગઈ, કેમ જાણે એનો દીકરો મોઢામોઢ નહીં ઊભો હોય! એ ફરી પોતાની જાત પર રોષે ભરાયો. આવી વાત મેં માંડી જ શા માટે? હવે આ બધું ઝટ સંકેલી લઉં અને અહીંથી ભાગું. વાત જલદી જલદી પતાવી દેતાં એણે કહ્યું, ' શેઠાણી ઘડીભર તો વિમાસણમાં પડ્યાં. પછી તરત એમને યાદ આવ્યું. એમના દીકરાના એક હાથની ટચલી આંગળી સહેજ ટૂંકી હતી. આ યાદ આવતાં એ તો ખુશ થઈ ગયાં. પછી તો શ્રાવસ્તી જઈને શેઠાણી ગવાક્ષમાં જ બેઠાં છે, મીટ માંડીને પ્રતીક્ષા કરે છે. પછી પુષ્ય નક્ષત્ર બેઠું. ત્યાં એક દિવસ એક જુવાન આંગણામાં આવીને ઊભો, નોકરો તો એને હાંકી કાઢતા હતા ત્યાં શેઠાણી દોડ્યાં. એ જુવાનનો હાથ હાથમાં લીધો. ટચલી આંગળી જોઈને એ જુવાનને ભેટી પડ્યાં. આટલે વર્ષે દીકરો પાછો આવ્યો. ઉત્સવ ઉત્સવ થઈ રહ્યો.' આટલું બોલતાં એકાએક જાણે પેટમાં ગાંઠ પડી હોય ને શૂળ ઊપડ્યું હોય એવું એને લાગ્યું. એને શરીરે પરસેવો વળી ગયો. એ એકદમ ઊભો થઈ ગયો. ઘડિયાળમાં જોઈને બોલ્યો: 'અરે દસ વાગી ગયા. ઘરે રાહ જોતાં હશે, તો સાંભળ્યું ને તમે, બધાં સારાં વાનાં થશે, તમારો હેમન્ત પાછો આવશે...' આગળ કશું બોલ્યા વિના એ ઝટઝટ દાદર ઊતરી ગયો. પરસેવાથી એનું શરીર ઠંડું થઈ ગયું. એકાએક એની શક્તિ જાણે ઓસરી જતી હોય એવું એને લાગ્યું. પેલો ટૂંકી ટચલી આંગળીવાળો કોઈ બનાવટી આદમી પણ કેમ નહીં હોય, આટલું ધન મેળવવા કોઈ શું ન કરે? આ માણસજાત તે કેવી? – એવી ગાળો દેતો એ ઘરે પહોંચ્યો ને બારણામાં જ ફસડાઈ પડ્યો. એની પત્ની દીવો લઈને નીચે આવી. એની આ સ્થિતિ જોઈને ચિન્તાતુર થઈને બોલી ઊઠી; 'ક્યાં ગયા હતા? હું તે તમને ક્યાં શોધું? અને આ શું થયું છે તમને? જુઓને, શરીર તો કેવું ઠંડું પડી ગયું છે!' એ ખુરસીમાં માંડ માંડ બેઠો. એણે કહ્યું; 'કશું થયું નથી, કશું થયું નથી.'

પણ એની પત્ની માને તો ને! એ પાછી બોલવા લાગી: 'મેં તો કેટલીયે વાર કહ્યું છે કે આ ગામમાં તો ઘણી બધી ડાકણ છે. જુઓને, કેવી નજર લાગી છે! તમારી આંખો જ જુઓને, જરા બોલો તો ખરા, ક્યાં ગયા હતા? કોણ ભેટી ગઈ હતી?' એ ફરી જવાબમાં બોલ્યો: 'કશું થયું નથી, કશું થયું નથી...'

એની પત્નીએ નજર ઉતારી. એણે સંતાડેલી ગુપ્ત વાતનો તાગ કાઢવા શું કરવું તે વિચારતી તે બેઠી. તેના મુખ પરની મૂંઝવણ જોઈને એ વધારે અકળાયો. થોડી વાર તો એ આંખો બંધ કરીને બેસી રહ્યો. ઘડીભર એણે ભગવાનને પ્રાર્થના કરી. એણે ઉપજાવી કાઢેલા પેલા નૈમિષારણ્યના ઋષિને પ્રાર્થના કરી: 'આ બધું મૃગજળ જેવું મિથ્યા કરી નાખો, સત્યનું વજન અમ માનવોથી સહ્યું જતું નથી. બધું મિથ્યા કરી નાખોને.' એની પત્નીનો આધાર લઈને એ પલંગ પર જઈને સૂતો. પત્નીએ બે-ચાર કડવાં ઓસડ પીવડાવ્યાં તે પીધાં. પછી આંખ બીડીને એ સૂતો. તન્દ્રામાંય ફરી ફરી એને પ્રશ્નો સંભળાયા: 'મારો દીકરો ક્યારે મળશે? તમને આ થયું છે શું? તમે ક્યાં ગયા હતા? બોલો, બોલો, બોલો...' એ તન્દ્રામાં જ બબડતો રહ્યો: 'કશું થયું નથી, કશું થયું નથી,

મોંસૂઝણું થયું હશે. એની આંખો ખુલ્લી જોઈને એની પત્નીએ પૂછ્યું: 'હવે કેમ છે?' એણે ટૂંકો જવાબ વાળ્યો: 'સારું લાગે છે.' એટલે પત્નીએ ફરી જીદ પકડી: 'તો હવે બોલો, કોણ ભેટી ગઈ હતી તમને? તમે તો સાવ ભોળાભટ્ટક છો. કોણે કામણ કર્યું હતું તમારા પર?' એ ફરી બોલ્યો: 'કશું થયું નથી, કશું થયું નથી.' પણ એની પત્નીની આશંકાભરી દૃષ્ટિ જોઈને એને લાગ્યું કે આ 'કશું નથી'માંથી જ કશું ઉપજાવવું પડશે. તો જ એની પત્નીને સન્તોષ થશે. ફરી એ કથાઓના વન નૈમિષારણ્યમાં પેઠો ને બોલવા લાગ્યો: 'એકદા નૈમિષારણ્યને વિષે એક ઋષિ રહે. હજારો વર્ષોનું એમનું તપ. ચારે બાજુએ એમનો મહિમા ભારે. એમના અજબગજબના ચમત્કારોની અનેક વાતો ચાલે. હવે વાત એમ બની કે ચન્દ્રપુર નગરીમાં એક સુખી દમ્પતી રહે. એ જોડું જોઈને બધાંની આંખ ઠરે. બન્ને જુવાન વયનાં, જાણે કામદેવ અને રતિ. પત્ની તો પતિની છાયા જેવી. જ્યાં પતિ ત્યાં પત્ની. ઘડીનો વિરહ નહીં. એ જુગલમૂતિર્ જોઈને આખું નગર સુખ પામે.

ત્યાં નગરમાં એક દિવસ એક યોગી પુરુષ આવ્યા. મોઢા પર તેજ લખલખે. નગર આખું એમને જોવા ઊમટ્યું. યોગીરાજ રાજમાર્ગે થઈને જતા હતા. પતિપત્ની ઝરૂખામાં

ઊભા ઊભા જોતાં હતાં. પતિ કાંઈ કહેતો હતો ને યોગીરાજને જોવામાં નિમગ્ન પત્નીએ હોંકારો નહીં પૂર્યો. પતિ રિસાયો. ધડધડ દાદર ઊતરી, બંધ કમાડ ખોલી ચાલ્યો ગયો. પત્ની હાંફળીફાંફળી દોડી પણ લોકોની ભીડમાં એના પતિને ક્યાં ખોળે? એને તો ઘડીભર ચેન નથી. ચરણ થાકી ગયા છે. આંખે અંધારાં વળ્યાં છે. એ એકલી મધરાતે પેલા યોગીરાજ બેઠા હતા ત્યાં ગઈ, કહ્યું: ' યોગીરાજ, તમે સાચા યોગી હો તો મારા પતિને પાછા લાવી આપો.' યોગીરાજે કહ્યું: 'બેન, ધીરજ રાખ, બેસ. જો, હું તને કહું તે સાંભળ. હું તમારા પૂર્વજન્મની વાત જાણું છું. ગયા જન્મમાં તારા પતિ હતા ઋષિ સુભદ્ર અને તું હતી રાજકન્યા રત્નમાલા. સહિયરો સાથે તું એક દિવસ વનવિહાર કરવા ગઈ ત્યાં બધાંથી છૂટી પડી જઈને તું આ ઋષિ તપ કરતા હતા ત્યાં જઈ પહોંચી. બેબાકળી બનીને તું ચીસ પાડી ઊઠી. ઋષિનો તપોભંગ થયો. એણે તને જોઈ. એઓ મોહિત થયા. તમારી બન્નેની દૃષ્ટોદૃષ્ટ મળી. થવા કાળ તે થયું. પછી તો ગાજતેવાજતે લગ્ન થયાં. રાજપાટ ભોગવ્યાં. એક વાર તેં પતિને પૂછ્યું: 'આવતે જન્મે આપણે જ પતિપત્ની ખરું ને?' ત્યારે તારા પતિએ કહ્યું: 'હા, એમ જ થશે. પણ મારે મારું અધૂરું તપ પૂરું કરવું પડશે, એ પૂરું થતાં જ આપણે ફરીથી મળીશું. તું ધીરજ રાખ.' પાંચ વરસ પછી સૂર્ય દક્ષિણનો થાય ત્યારે આ નગરીથી પચાસ જોજન દૂર આવેલા અરણ્યમાં જજે. ત્યાં એક જીર્ણ શિવાલય પાસે એક ઋષિ તપ તપતા હશે. એને જો તું તરત ઓળખી કાઢશે તો એઓ તરત આંખો ખોલી નાખશે અને તને ભેટી પડશે. જો ઓળખવામાં સહેજ વિલમ્બ થશે તો વળી એક જન્મની રાહ જોવી પડશે.' એ આ બોલતો જ હતો ત્યાં કોઈએ બારણું ઠોક્યું. પત્ની સફાળી દોડી. બારણું ખોલ્યું. જુએ છે તો કોઈ સ્ત્રી બેબાકળી ઊભી છે. અંદર આવીને એણે પૂછ્યું 'હેમન્ત અહીં આવ્યો છે? મારી સહેજ આંખો મળી ગઈ ત્યાં કોઈએ બારણું ઠોક્યું હોય એવું મને લાગ્યું. બારણું ખોલીને જોઉં છું તો રસ્તા પર થઈને કોઈ ચાલી જાય છે. મેં એને તરત ઓળખી લીધો. એ જ ચાલ, એ જ છબિ, હું એની પાછળ દોડી. એ આ તરફ વળ્યો. અહીં આવ્યો છે મારો હેમન્ત?' એ ઘડીભર જોઈ રહ્યો. પછી એણે કહ્યું: 'બેસો, હું કહું તે સાંભળો. એકદા નૈમિષારણ્યે –'

## સંકેત –

બહારના દિવસના અજવાળામાંથી નાસી છૂટીને આ ઓરડામાં અન્ધકારે આશ્રય લીધો હતો. એ અન્ધકારના ગર્ભમાંથી કદિક કદિક થોડા પડછાયાઓનો સંચાર અનુભવાતો હતો. ઓરડામાં જે બેચાર માણસો હતા તે સજીવન થયેલા પડછાયાઓ જ લાગતા હતા. ધોળા ઓશીકા પરનું રાજીવનું મુખ આ અન્ધકારમાં આથી વધારે પ્રકાશી ઊઠતું હતું. પડદાથી ઢાંકી દીધેલી બારી તરફ ડોક ઢાળીને એ પડી રહ્યો હતો. એની આંખો એવી તો સ્થિર હતી કે ઘડીભર તો આપણને એવી જ શંકા થાય કે આપણે કોઈ શબને તો જોઈ રહ્યા નથી ને!

ક્યાંકથી કશીક વિલક્ષણ ગન્ધ આવતી હતી. એ ગન્ધ જ આ ઓરડાને અપાર્થિવ બનાવી દેતી હતી. એથી શ્વાસ જાણે ચીમળાઈ જતા હતા. કોઈક વાર ઓરડામાંથી હવા કણસતી હોય એવો અવાજ આવતો હતો, અથવા કદાચ એ કશુંક સાંભળ્યાની નરી ભ્રાન્તિ જ હતી. રાજીવની પથારી પાસે ટિપોય પરની ફૂલદાનીમાંનાં ગુલાબ ડોક ઢાળીને પડ્યાં રહ્યાં હતાં. બેચાર ખરી પડેલી પાંખડીઓ રાજીવની પથારીમાં પડેલી દેખાતી હતી.

વિશાખાની આંખો પડદાથી ઢંકાયેલી બારીની બહાર દોડી જવાને ચંચળ બની ઊઠી હતી. એનો પોતાનો જ ઉષ્ણ ઉચ્છ્વાસ એ સહી શકતી નહોતી. ઓરડામાં છવાયેલી નિ:શબ્દતામાં એ એકાદ શબ્દનો બુદ્બુદ્ થાય તેની, નાના બાળકના જેવા કુતૂહલથી, રાહ જોઈ રહી હતી.

ત્યાં વિશાખાએ જોયું તો ઓઢેલા ધાબળાની બહાર રહી ગયેલા રાજીવના પગનો અંગૂઠો હાલતો હતો. નિશ્ચેષ્ટ શરીરમાં હાલતો એ અંગૂઠો જાણે એ શરીરથી સ્વતન્ત્ર અસ્તિત્વ ધરાવતો હતો. હમણાં એને પાંખો ફૂટશે ને એ પતંગિયાની જેમ ઊડી જશે એવું વિશાખાને લાગ્યું. એને બે હથેળી વચ્ચે સંતાડી દઈએ તો કેવું એ તરંગે વિશાખાની હથેળીઓ રવરવી ઊઠી.

કોઈક વાર પવનથી પડદો હાલતો હતો ત્યારે સહેજ વાર માટે ખુલ્લા થતા બારીના કાચમાંથી થોડો તડકો ઓરડાની અંદર જાસૂસની જેમ નજર નાખી જતો હતો. રાજીવ પથારીની એક બાજુની કિનારે પડી રહ્યો હતો. કશાક અગોચરને જોઈને એ જાણે હેબતાઈ નહીં ગયો હોય! વિશાખાને એકાએક અટ્ટહાસ્યથી એ ઓરડાની નિ:સ્તબ્ધતાના વજ્ર જેવા પડને ભેદી નાખવાની ઇચ્છા થઈ આવી. પણ એના હોઠ પર કશોક અજાણ્યો દાબ એને વર્તાયો. રાજીવ જાણે કશીક મેલી વિદ્યાની ગુહ્ય શક્તિથી એને ધીમે ધીમે પૂતળા જેવી જડ બનાવી રહ્યો તો નહીં હોય એવો ભય વિશાખાને કંપાવી ગયો. એને લાગ્યું કે એની નજર રાજીવ પર જ જડાઈ ગઈ હતી.

વિશાખાએ ફરી અંગૂઠા તરફ જોયું. એ એવી રીતે હાલતો હતો કે જાણે એના હાલવા દ્વારા કશોક ગુપ્ત સંકેત પ્રકટ થઈ રહ્યો નહીં હોય! એ સંકેત ઉકેલવાની અદમ્ય ઇચ્છા વિશાખાને થઈ આવી. એની આગળનું બધું એકાએક ભુંસાઈ ગયું અને એક બીજું જ દૃશ્ય એની સમક્ષ છવાઈ ગયું. પેલો અંગૂઠો કારનું એક્સિલરેટર દબાવી રહ્યો છે. કાર જાણે ફાળ ભરતી દોડે છે. અવકાશમાં ઊંચકાઈ જઈને ઘડીભર તોળાઈ રહે છે. કારના દોડવાના અવાજમાં પણ એને એના જોરથી ધબકતા હૃદયના ધબકારા સંભળાય છે. પાસેનો રાજીવ જાણે ગતિના નકશાની રેખાઓ માત્ર બની ગયો હતો. પોતે એ રેખાઓનાં ગૂંછળાં વચ્ચે પુરાઈ જઈને તરફડતી હતી. રાજીવના શબ્દો પવનમાં બુદ્‌બુદ્‌ થઈને તણાઈ જતા હતા. એણે એક્સિલરેટરને દબાવતા એ અંગૂઠાને કરડી ખાવાનું મન થયું. પણ ત્યાં તો–

વિશાખાને કપાળે અને હોઠે પરસેવાની ઝરી ફૂટી નીકળી. ત્યાં ફરી પવનથી પડદો હાલ્યો. આ વખતે તો ભીંત પરનું કેલેંડર પણ હાલ્યું અને ઘણાં બધાં તારીખનાં પાનાં ફરફરી ઊઠ્યાં. વિશાખાને થયું કે હમણાં જ અહીં કાચબાની પેઠે અંગો સંકોચી લઈને

પડેલો સમય સળવળી ઊઠશે. કાચબાના મોઢા જેવો પેલો અંગૂઠો હજી એના એ જ લયથી હાલ્યા કરતો હતો. જાણે એનો આ લય જ એ ઓરડામાંનું બધું નિયન્ત્રિત કરતો હતો. એને ફરીથી એ અંગૂઠાને કરડી ખાવાનું મન થયું. વિંડસ્ક્રીન પર રસ્તાની બન્ને બાજુનાં ઝાડ ભેગાં થઈને જાણે વન રચી દેતાં હતાં. એ વનમાં એ ઊંડે ને ઊંડે ચાલી જતી હતી. પવનનો સુસવાટો એને કોઈ હિંસક પશુના અવાજ જેવો સંભળાતો હતો. રાજીવના સ્ટિયરિંગ વ્હીલ પરના હાથને એ બાઝી પડવા ઇચ્છતી હતી. રહી રહીને એની પવનમાં ઊડતી લટ એની આંખોને ઢાંકી દેતી હતી. આમ છતાં એ હાથ ઊંચો કરીને લટને આઘી ખસેડી શકતી નથી. કારની ગતિ જ જાણે અજગરની જેમ એને વીંટળાઈને ભરડો લઈ રહી હતી, એને છૂટવું હતું. એને એક્સિલરેટર પર ચંપાયેલા એ અંગૂઠાને કરડી ખાવાનું મન થયું ...

એકાએક બારણું ખૂલ્યું. એનો ખૂલવાનો અવાજ જાણે કોઈ પશુ કણસતું હોય એવો હતો. રાજીવની આંખો બારણા તરફ ઘડીભર વળી અને તરત જ પાછી યથાવત્ થઈ ગઈ. કોઈ વિશાખાની પાસે આવીને ઊભું રહી ગયું. ક્યાંકથી થોડોક હૂંફાળો પવન એને સ્પર્શી ગયો હોય એવું એને સુખ થયું. હજી એની દૃષ્ટિ પેલા અંગૂઠા પર જ જડાઈ રહી હતી. પણ હવે જાણે એના સમ્મોહનમાંથી છટકી નાસવાનું દ્વાર ખૂલી ગયું હતું. એણે હિમ્મત કરીને એ અંગૂઠા પરથી નજર ખસેડી. આખું ઘર જાણે સંકોચાઈ ગયું હતું. ઓરડાની દીવાલો એકબીજીની હૂંફ મેળવવા માટે બને તેટલી નજીક આવી ગઈ હતી. ઓરડામાંની બધી વસ્તુઓ જાણે કશાક દાબથી ચપટી બની ગઈ હતી. રાજીવ હવા કાઢી નાખેલા ફુગ્ગાના જેવો ચીમળાઈને પડી રહ્યો હતો. એક માત્ર એનો અંગૂઠો ધૃષ્ટતાપૂર્વક એનો મૂળ આકાર જાળવી રહ્યો હતો. એના પુષ્ટ ગોળાકારને જોઈને વિશાખાના દાંત સળવળ્યા. એને એ અંગૂઠો કરડી ખાવાનું મન થયું...

વિંડસ્ક્રીન પરનું જંગલ એકાએક રજરજ થઈને વેરાઈ ગયું. સ્ટિયરિંગ વ્હીલ પરના હાથ અમળાઈ ગયા. કારનું બારણું ખૂલી ગયું ને વિશાખા બહાર ફેંકાઈ ગઈ. એકાએક જાણે અજવાળું ઓલવાઈ ગયું. એ અન્ધકારના ગર્ભમાં શિશુની જેમ પોઢી ગઈ. પછી ધીમે ધીમે કાન સરવા થયા. થોડાક અસ્પષ્ટ અવાજો સંભળાવા લાગ્યા. એ આંખો ખોલવા ગઈ પણ પાંપણ પર કશોક ભાર હતો. પછી સહેજ આંખો ખોલી ત્યારે

અજવાળાની તીક્ષ્ણ ધાર એને વાગી. એના શરીરની જ બહાર એ જાણે ફેંકાઈ ગઈ હતી. ધીમે ધીમે ફરીથી એણે એના શરીરમાં પ્રવેશ કરવા માંડ્યો. એણે પોતાનો એક હાથ બીજા હાથમાં મૂક્યો. એની આંખ કોણ જાણે શાથી આંસુથી છલકાઈ ઊઠી. એક હાથ એના મોઢા પર ફરવા લાગ્યો. એ હાથ ફરતો ફરતો એના હોઠ આગળ આવ્યો. કોણ જાણે શાથી એ હાથનો અંગૂઠો જોઈને એને બળપૂર્વક પકડી રાખીને એણે દાંતથી એને બચકું ભરી લીધું......

પવનથી પડદો હાલ્યો અને અંદર પ્રવેશેલા તડકાથી ટિપોય પરના ગ્લાસમાંનું પાણી જાણે ચમકીને જાગી ઊઠ્યું. એની હાલવાની ચંચળતાનાં દીવાલ પર પ્રતિબિમ્બ પડ્યાં. પાસે જે કાંઈ આવીને ઊભું હતું તેનો હાથ એના હાથને ચોરીછૂપીથી શોધતો આવ્યો. આ કાવતરામાં જાણે એ કશીક પહેલાં કરેલી શરતથી સંડોવાઈ ગઈ. એની હથેળીએ પરસેવો વળ્યો. પેલા હાથની આંગળીઓ જાણે એની હથેળીમાં કશુંક લખી રહી હતી. એ સંકેતને વાંચવામાં એણે ધ્યાન કેન્દ્રિત કર્યું. પેલા હાથની આંગળીઓની પકડમાં વિશ્વાસપૂર્વકની દઢતા હતી. એને લાગ્યું કે એ પેલા અંગૂઠાના સમ્મોહનમાંથી છૂટવાનું સાહસ હવે કરી શકશે. એણે એ અંગૂઠા તરફ જોયું...

એક્સિલરેટર પરનો અંગૂઠો સલામત હતો. એની બાજુની ચારે આંગળીઓ કચડાઈ ગઈ હોય એવું લાગતું હતું. છેદાઈને છૂટા પડી ગયેલા અંગની જેમ અંગૂઠો સળવળી રહ્યો હતો. ખૂબ લોહી વહી જવાને કારણે રાજીવનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. કરોડરજ્જુને ઇજા થઈ હતી. વિંડસ્ક્રીન પરના જંગલમાંનું કોઈ હિંસક પશુ જાણે એને ભરખી ગયું હતું. માત્ર એક અંગૂઠો જ બચી ગયો હતો. પેલી બે સ્થિર આંખો અને આ ચંચળ અંગૂઠો... કાચબાનું મોઢું જાણે હમણાં જ ખૂલશે, એને કરડી ખાશે. એણે ભયથી આંખો બંધ કરી દીધી...

એના હાથને દઢતાથી પકડનારા હાથે એનો અધિકાર કંઈક વધુ પ્રગલ્ભતાથી પ્રગટ કર્યો હોય એવું વિશાખાને લાગ્યું. પરવશ થવાનું સુખ ગમ્યું. એ હાથ એને ખેંચવા લાગ્યો. અન્ધકારના ગર્ભમાંથી જાણે એ નવો જન્મ પામવા બહાર આવી રહી હતી. એણે જોયું તો એકાએક એના ચરણો હાલ્યા, એ ધીમે ધીમે સરકવા લાગી. એની દષ્ટિ હજી પેલા એકસરખું હાલ્યા કરતા અંગૂઠા પરથી ખસતી નહોતી. આમ છતાં, એના જડસડ થઈ

ગયેલાં અંગોમાં આવેગનો સંચાર થતો લાગ્યો. હવે તો જાણે એ જ પેલા હાથને પોતાની પાછળ ખેંચવા લાગી. વિંડસ્ક્રીન પરના વનને ભેદીને, અજગરના ભરડામાંથી છૂટીને એ ભાગવા લાગી. એના શરીરમાં ઉષ્ણ લોહી ફરીથી ફરવા લાગ્યું.

ક્યારે બારણું ખૂલ્યું, ક્યારે એ પગથિયાં ઊતરી, ક્યારે રસ્તા પર આવી તે કશું જ એને સમજાયું નહીં. બહાર નીકળીને એણે પેલા હાથની પકડમાંથી પોતાનો હાથ મુક્ત કર્યો. એ ઓરડામાંના અન્ધકારને પોતાના પરથી ખંખેરી નાખ્યો. એને લાગ્યું કે પેલી બે આંખો હજી એને ક્યાંક વળગી રહી છે. પણ એ વિશે સભાન ન બનવાનો પ્રયત્ન કરીને એણે ચાલવા માંડ્યું.

એ એની આગળ જ ચાલતો હતો. ચાલતો તો હતો એવી રીતે જાણે એની પાછળ ચાલનાર સાથે એને કશો સમ્બન્ધ જ નહીં હોય. છતાં એનાથી બહુ દૂર ન નીકળી જવાય એવી કાળજી રાખીને એ ચાલતો હતો તે વિશાખા સમજી ગઈ હતી. એણે ધાર્યું હોત તો એ દિશા બદલીને બીજી જ બાજુ વળી ગઈ હોત.

પણ એ કશાક ખુન્નસથી એ જ દિશામાં આગળ વધવા લાગી. એ હજી પેલી બે આંખોને ખંખેરી નાખવા માગતી હતી. પોતે ખરેખર સાવ મૃત છે એની એ પોતાની જાતને પ્રતીતિ કરાવવા ઇચ્છતી હતી.

ધીમે ધીમે બંને વચ્ચેનું અન્તર ઘટતું ગયું. બંને નિકટ આવી જઈને જાણે સ્તબ્ધ થઈને ઊભા રહી ગયાં. વિશાખાની આંખો ખુલ્લી હતી, છતાં એની સામે ઊભેલાનો ચહેરો એને સ્પષ્ટ દેખાતો નહોતો. ફરી પોતે જડસડ બની જશે કે શું, એ ભયથી એણે એક આંચકા સાથે હાથ લંબાવીને એને વધુ નજીક ખેંચી લીધો અને પોતે બે આંખોને ખંખેરી નાખવાનો કોઈ વિધિ કરતી હોય તેમ એને ચુમ્બન કર્યું...

# મેં બારણું ખોલ્યું –

મેં બારણું ખોલ્યું અને પગથિયાં ઊતરવા જતો હતો ત્યાં એકાએક રાજમાર્ગના ટોળાએ જાણે મને ઊંચકી લીધો. મારા પગ ધરતીને અડતા નહોતા. હું આમ અચાનક આવી પડ્યો તેની નોંધ સુધ્ધાં કોઈ લેતું નહોતું . અવાજ સંભળાતો હતો પણ શબ્દો સંભળાતા નહોતા. કેટલાક પરિચિત અવાજ સંભળાતા હતા, પણ એ અવાજ જોડે એના બોલનારને સ્મરણની મદદથી જોડું, તે પહેલાં તો એ અવાજ ચારે બાજુના અવાજમાં લુપ્ત થઈ જતો હતો.

આ કયું નગર? આ કઈ શેરી? હું આ પૂછવા જતો હતો પણ મારો અવાજ હું જ સાંભળી શકતો નહોતો. મેં આજુબાજુનાં મકાનો તરફ નજર કરી. બધાં મકાનની બારીઓ ખુલ્લી હતી. એમાંથી માણસો ડોકાઈ રહ્યા હતા. એ બધાનાં મુખ પર એક જ પ્રકારનો ભાવ હતો. ઘડીભર તો મને વહેમ ગયો કે આ નાટકમાં આવતો ચીતરેલો પડદો તો નથી? પણ બારીમાંનાં માણસો હાથ લાંબા કરીને ઉત્તેજનાથી કશુંક બોલતાં હતાં.

પછી તો હું પવનમાં ઊડતા કાગળની જેમ ઊડવા લાગ્યો. એકાદ થાંભલો, એકાદ બારી – આધાર માટે જે મળે તેને હું પકડવા મથ્યો. રસ્તા પર વીજળીના થાંભલા હતા. એક પણ વૃક્ષ નહોતું. આકાશમાં સૂરજ હતો પણ તે ધોળો ધોળો, ક્લોરિનના ગેસના ધુમાડા જેવો લાગતો હતો. એનું અજવાળું આંખમાં પાણી લાવી દેતું હતું, શ્વાસને રૂંધતું હતું. એના અજવાળામાં મારી ચામડીનો રંગ પણ સાવ જુદો જ લાગતો હતો.

હું કશાક પરિચિત ચિહ્નને શોધવા લાગ્યો. ત્યાં થોડાંક ધોળાં કબૂતર મારા માથા પરથી

ઊડી ગયાં. મારી આંખ સામે જ એ અદૃશ્ય થઈ ગયાં. બારાખડીનો એકાદ અક્ષર પણ ક્યાંક નજરે ચઢે તો એનેય વળગી પડું એવું થયું. ત્યાં એકાએક કશીક પરિચિત ગન્ધ આવી. એ કોઈના શ્વાસની ગન્ધ હશે? એ ગન્ધ મને ઢંઢોળતી રહી પણ એનો કશા સાથે હું સમ્બન્ધ જોડી શક્યો નહિ. મને થયું કે આ મહાનગર છે તો ક્યાંક તો એનું નગરગૃહ હશે, ક્યાંક તો એ નગરની વિભૂતિઓનાં પૂતળાં હશે, ક્યાંક તો ફુવારા હશે, ક્યાંક તો ઉદ્યાન હશે, ક્યાંક જાહેર સભા મળી હશે, ક્યાંક કોઈ કવિ કવિતા લલકારતો હશે. ક્યાંક બે બેની હારમાં બાળકો મ્યુઝિમય જોવા જતાં હશે, અરે, ક્યાંક તો કોઈ મરી ગયું હોય એને સ્મશાનમાં લઈ જતા હશે. હું ચારે બાજુ આ બધું શોધતો હતો, પણ એકસરખા ચહેરાઓ સિવાય કશું દેખાતું જ નહોતું.

મારી સામે રહેતી પેલી સ્થૂળકાય સ્ત્રી, એનો તરડાયેલો અવાજ, ભરાવદાર ગાલ ઓથે દબાઈ ગયેલી એની કરુણ કરુણ આંખો, એના માંસલ હાથ – ને એની પાસે ઊભેલો ફિક્કી ધોળી આંખોવાળો, સહેજ સહેજમાં તડૂકી ઊઠતો સળેકડા જેવો એનો પતિ. પછી બાજુના ઘરમાંના એ ડોસા – એટલા ઘરડા કે હવે તો બેઠા બેઠા ટાંટિયા ઘસડીને જ ચાલે છે, બોખા મોઢામાં પાન મમળાવે છે, નહિ દેખતી આંખો નિસ્પૃહભાવે બધે ફેરવ્યા કરે છે ને થોડી થોડી વારે, 'કૃશ્ન કૃશ્ન' બોલે છે. હાથની ચપટી વગાડે છે ને બગાસું ખાય છે. ને પેલી આડત્રીસ ચાળીસની આસપાસની યુવાવસ્થામાં ટકી રહેવા મથતી પ્રૌઢા. એના કાળા ભમ્મર રંગેલા વાળ, એનો મરણિયો તરવરાટ, એનાં બોલકાં સ્તન ને એની ઝીણીઝીણી નટખટ આંખો. પેલો બધાંને ઝૂકતો, સલામ ભરતો, ખંધો, ખાઉધરો, લાંચિયો, મીઠું મીઠું બોલનારો માણસ – 'One may smile and smile yet be a villain.' આ બધાંમાંનું કોઈ પણ દેખાય, મળી જાય તો અત્યારે તો જાણે એ જ તરણોપાય...

મારા આંગણામાં લીમડામાંથી ચળાઈને આવતો તડકો, પાસે વાડમાં એક સરખો કર્કશ ઘોંઘાટ કરતાં લેલાં, પોતાના ટહુકાની આજુબાજુ શીળી છાયા પાથરતો હોલો, પતંગિયાંને પકડીને એની પાંખો તોડીને પવનમાં ઉડાવતાં બાળકો, નીચે કલાઈ કરનારો જે ધુમાડો કરે તેમાંથી આવતી નવસારની વાસ, રસ્તા પર નિરાંતે આળોટતા શિરીષના પડછાયા, ઊંઘમાંથી જાગીને સફાળો એકસામટું રણકી ઊઠતો દેવળનો ઘણ્ટ, નીચેના

સ્કૂટરને કીક મારવાનો અવાજ – આ બધું હું શોધું છું. હવે જોઉં છું તો ચારે બાજુ એક એક ચહેરાની દશ દશ પ્રતિકૃતિઓ દેખાવા લાગે છે, બધી ક્રમશઃ ઝાંખી થતી જાય છે અને છેવટે અળપાઈ જઈને ધૂમ્રસેર બનીને અવકાશમાં લુપ્ત થઈ જાય છે. મને લાગે છે કે મારું વજન પણ ઓગળી ગયું છે. ફરી ધરતી મને ગુરુત્વાકર્ષણ બળથી છાતીસરસો જડી રાખે એવું ઇચ્છું છું, પણ મેં મારા ઘરનું બારણું ખોલ્યું ત્યારથી જ મારા પગ તો ધરતી પરથી ઊંચકાઈ જ ગયા હતા ને!

મારી આજુબાજુ જે અવાજો સંભળાતા હતા તે જ જાણે મારો એક માત્ર આધાર હોય એમ હું કેવળ કર્ણમય બની ગયો. મને લાગ્યું કે એ અવાજમાં કશુંક અપાર્થિવ છે. એ માનવીનું ઉચ્ચારણ નથી. આથી મારા શરીરમાં એક નવા જ ભયની ધ્રૂજારી દોડી ગઈ.

મેં જોયું તો મકાનોની હાર જાણે રસ્તાની બન્ને બાજુથી મારા પર ધસી આવતી હોય એવું લાગ્યું. ક્યાંકથી ઘણા બધા ઘોડાઓ દોડી જતા હોય અને એમના દાબડાનો અવાજ આવતો હોય એવું લાગ્યું. પછી તો માણસો માણસોને ભેદીને એમની આરપાર નીકળી જતા દેખાયા. ઘરની ઊંચી અગાસીઓ પણ માણસોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. એટલાં બધાં માણસોના ભારથી ઘર જાણે બેવડ વળી જતાં હતાં. કોઈ વાર પવનનું મોટું મોજું આવતું ને એ ઘરો ડોલી ઊઠતાં હતાં.

હું ટોળાંના શિખર પર જ અત્યાર સુધી ઊછળતો રહ્યો હતો. હું કઈ દિશામાં જતો હતો, આગળ વધી રહ્યો હતો કે નહીં એની મને કશીય ખબર પડતી નહોતી. મારા પગનાં તળિયાં કશાકના નક્કર સ્પર્શને માટે રવરવતાં હતાં. બાવળનો એકાદ કાંટો વાગે, પથ્થરની તીક્ષ્ણ ધાર પર મારો પગ પડે, કાદવમાં મારો પગ ઘૂંટી સુધી ખૂંપી જાય, નદી કાંઠેના ભાઠાની ધગધગતી રેતીમાં મારો પગ પડે ને દાઝું – એવી મને તીવ્ર ઝંખના થવા લાગી.

આંખો જે જોતી હતી તેના પર મને વિશ્વાસ બેસતો નહોતો. છતાં એ જે જોતી હતી તેને નકારવાનું પણ કાંઈ કારણ જડતું નહોતું. કાન અવાજ સાંભળતા હતા, પણ એમાં અપાર્થિવ તત્ત્વ ક્યાંથી ભળતું હતું તે હું સમજતો નહોતો. મને લાગ્યું કે અત્યાર સુધી હું લખલૂટ શબ્દોની વચ્ચે રહ્યો અને હવે આજે એમાંનું મારી પાસે કશું બચ્યું નથી. થોડાક

શબ્દો મારે સંઘરવા જોઈતા હતા. જો એકાદ શબ્દ જડે તો એમાંથી શબ્દોનું જાળું ગૂંથીને હું રસ્તા પરની બારીએ બારીએ કરોળિયાની જેમ ઝૂલતો રહી અર્થપ્રપંચ વિસ્તારવા જરૂર મથું. હું મારી જાતને ઠપકો આપવા લાગ્યો: શા માટે હાથ સાથે મેળવેલો હાથ છોડી દીધો? શા માટે આંખ સાથે મળેલી આંખ તરફથી મોઢું ફેરવી લીધું? શા માટે બોલાતાં વાક્યને છેડેના ઉદ્‌ગારને મૌનમાં સરી જવા દઈને સંવાદ તોડી નાખ્યો? મેં જોયું તો ઘરનાં છાપરાં પર પવનની દિશા બતાવનાર કૂકડો ફરફરી રહ્યો છે; હજી ખુલ્લી બારીમાંથી દેખાતી ઘરની દીવાલ પર ટાંગેલા ફોટામાંના ચહેરાઓ પરથી એમનું શાશ્વત સ્મિત ભુંસાયું નથી; હજી કોઈક ઘરમાં ટેબલ પર પડેલી ચોપડીની ધૂળ પવન ખંખેરે છે; હજી દાદરનાં પગથિયાં પર કોઈ ધબધબ પગલે ચઢે છે ને ઊતરે છે.

મેં કાન પરથી વિશ્વાસ ગુમાવી દીધો છે. હું જીભ બહાર કાઢીને ચારે બાજુ જે છે તેનાથી વાસ્તવિકતાનો સ્વાદ મેળવવા મથું છું. આ પૃથ્વી પરના કેટલા બધા સ્વાદ મેં ચાખ્યા છે! મુગ્ધાનાં લજ્જાથી ઢળેલાં નયનોનો સ્વાદ, નવજાત શિશુના નરવા દેહની કૂંણી કોમળતાનો સ્વાદ, પ્રણયના પ્રથમ ઉદ્‌ગારનો સ્વાદ, સુખની જ પળે અચાનક છતા થઈ જતા વિષાદનો સ્વાદ, અણધાર્યા અબોલા લઈ બેઠેલી પ્રેયસીના મૌનનો સ્વાદ, દાદીમાંના પરીકથા કહેતા શબ્દોનો પતાસાં જેવો સ્વાદ, મારા વ્હાલભર્યા રોષનો તજ જેવો તીખોમીઠો સ્વાદ, એકાએક ઘેરી વળતા એકાન્તનો સ્વાદ – આજે એ પરિચિત સ્વાદમાંના કોઈ પણ સ્વાદનો અનુભવ થતો નથી. જીભ પર જાણે એક આછું ફિકાશનું પડ માત્ર છે.

નવાઈની વાત કે અત્યાર સુધી મેં પાછળ નજર કરી નહોતી. એટલો, ડોકું ફેરવવા જેટલો, પણ અવકાશ નહોતો. હવે મોઢું ફેરવીને, નજર વાળીને, જોઉં છું તો પાછળ નર્યો સૂનકાર છે, ઘર બધાં સૂનાં સૂનાં છે. ઝરૂખામાં, છજામાં, બારીમાં અગાસીમાં જે માણસો દેખાતાં હતાં તે અદશ્ય થઈ ગયાં છે. ક્યાંક એકાદ કાળી બિલાડી બારીમાંથી ડોકિયું કરે છે કે આંગણામાં એકાદ કૂતરો આકાશ સામે જોઈને ઊભો છે. ઘર બધાં ખુલ્લાં છે. એમનાં બારીબારણાંમાં આકસ્મિક રીતે ખૂલી ગયાંની મુદ્રા અંકાયેલી દેખાય છે. ચાલી જનારની ઉતાવળનો એમને લાગેલો ધક્કો હજી એમના પર વર્તાય છે.

મારી પાછળના આ સૂનકારને જોઈને એ તરફ પાછાં વળી જઈને ફરી મારું ઘર શોધી

એમાં ભરાઈ જવાનો વિચાર મારે જતો કરવો પડ્યો. આ દરમિયાન આગળનું દશ્ય પણ બદલાઈ ગયું હતું. હવે માણસોનો પ્રવાહ પાતળો પડી ગયો હતો. હવે મારી આજુબાજુના માણસો પર હું નજર માંડી શકતો હતો. મારી બાજુમાં જ જે માણસ ચાલી રહ્યો હતો તેની ઉમ્મર વિશે કશું કહેવું મુશ્કેલ હતું. એના શરીરની ચામડી પર ભૂરાશ પડતા જાંબુડી રંગની છાયા હતી. એના હાથ પરની બધી નસો ફૂલી ગયેલી હતી. એની આંખો ડોળાની બહાર ઊપસી આવેલી હતી. એના દાંત કંઈક લાંબા અને તીણા હતા. એના નાકમાંથી ગંધકના ધુમાડા જેવો શ્વાસ નીકળતો હતો. મારી બીજી બાજુએ એક વૃદ્ધા હતી. એનું શરીર રાખોડી રંગનું હતું. એના મોઢા પર કરચલીઓનું જાળું હતું. એની આંખો બખોલમાં એટલી ઊંડી ઊતરી ગઈ હતી કે એના હોવા વિષે પણ શંકા ઉદ્ભવતી હતી. એ થોડી થોડી વારે ટીનનું પતરું ખખડે તેના જેવો અવાજ કરતી હતી. મારાથી થોડે આગળ ચાલનાર હશે તો બાળક, પણ એ ધરતી પરથી ઊંચકાઈ ગયો હોવાને કારણે એની ઊંચાઈ વધારે લાગતી હતી. એનો ચહેરો કૂણો હતો. પણ એની ચામડીમાં અપાર્થિવ એવી કશીક લીલાશ પડતી ઝાંય દેખાતી હતી. એનું શરીર ફૂલી ગયું હોય એવું લાગતું હતું. મારાથી થોડે દૂર એક યુવતી દેખાતી હતી. હું માત્ર એની ડોક અને એનું મોઢું જ જોઈ શકતો હતો. કદાચ એ સિવાયનાં એનાં અંગો હતાં જ નહિ. એનું મોઢું સહેજસરખા પવનની લહેરમાં પણ ગોળગોળ ફરી જતું હતું, એની આંખોમાં, ઢીંગલીઓના મોઢા પર હોય છે તેવો, સનાતન વિસ્મયનો ભાવ હતો. હું આ બધું જોતો હતો ત્યાં રસ્તાએ એકાએક વળાંક લીધો, આખો પ્રવાહ એ તરફ વળ્યો. અમે જેવો વળાંક લીધો કે તરત જ અમારી પાછળ નાળ જડેલા જોડાનો અવાજ સંભળાવા લાગ્યો. કોણ જાણે શાથી અમે સહુ દોડવા લાગ્યાં. પેલો જોડાનો અવાજ કાનમાં ગાજવા લાગ્યો. દોડવાની ઝડપ વધારતાં અમે જાણે હલકાં થઈને ઊંચકાઈ ગયાં. પછી ધીમે ધીમે અશરીરી બનીને, કેવળ અવાજ બનીને દોડ્યે ગયાં, દોડ્યે જ ગયાં.

# વ્યાધિ

મારાથી પણ વધારે ચિન્તાતુર બનીને બધાંએ કહ્યું કે મારે કોઈ મોટા દાક્તરને તબિયત બતાવવી જોઈએ. વેળાસર નિદાન થાય તો સારું. કાંઈ નહીં હશે તો તો ચિન્તા જ નથી, ને કાંઈ હશે તો જાણી લેવાથી ઉપચાર કરીને મુક્ત થઈ જવાશે.

આથી હું મારી સાથે કોઈને લીધા વિના એક જાણીતા દાક્તરને ત્યાં એક નમતે પહોરે જઈ ચઢ્યો. દાદર ચઢતાં હું હાંફી ગયો. મને લાગ્યું કે મારો ડાબો પગ કંઈક અક્કડ થઈ ગયો છે. પેટમાં જમણી બાજુએ એકાએક દુ:ખી આવ્યું. ગળામાં શોષ પડવા લાગ્યો. દાક્તરને મારી માંદગીનું વર્ણન કેવી રીતે કરવું, ક્યાં લક્ષણોને વિશેષ મહત્ત્વ આપવું, મારું દરદ 'સ્પેસ્મોડિક' છે કે પછી 'શૂટિંગ પેઇન' છે – આ બધા વિચારમાં હું હતો ત્યાં એક સળેકડા જેવો છોકરો એક પાટિયું લઈને મારી પાસે આવ્યો ને મારું નામ પૂછ્યું. મારા ગળામાંથી એકદમ કશો અવાજ નીકળ્યો નહીં. એણે એની ચૂંચી આંખે મારી સામે જોયું, થોડી વાર રાહ જોઈ. પછી અકળાઈને ફરીથી મને નામ પૂછ્યું. બીજાત્રીજા પ્રયત્ને હું મારું નામ કહી શક્યો. એ મને એક હોલમાં બેસાડીને ચાલ્યો ગયો.

મેં બેઠા પછી નજર કરી તો ઘોડાની નાળના આકારમાં ગોઠવેલી ખુરશીઓ પર આશરે વીસેક માણસો બેઠાં હતાં. પેલો છોકરો ફ્લૅપડોર સહેજ ખોલીને નામ બોલતો એટલે એ નામવાળી વ્યક્તિ ઊઠીને અંદર જતી. પણ કેન્દ્રમાં એક મોટા ટેબલ આગળ એક માણસ બેઠો હતો. એની આંખ પર કાળા ચશ્મા હતા. એ ત્યાં બેસીને શું કરી રહ્યો હતો તે સમજાતું નહોતું.

મેં મારી આજુબાજુ બેઠેલાં માણસો પર નજર કરી. ખુરશીઓ બહુ પાસે નહોતી, છતાં મારી પાસે બેઠેલા માણસનો પરસેવો ખૂબ ગંધાતો હતો. એ સતત કશુંક ગણગણ્યા કરતો હતો. બીજી બાજુ એક પ્રૌઢ સ્ત્રી બેઠી હતી. એનું શરીર ડૂબી ગયેલા માણસના જેવું ફૂલી ગયેલું લાગતું હતું. એની ચામડીનો રંગ ભૂરાશ પડતો લાગતો હતો. એ સ્ત્રી થોડી થોડી વારે આંચકા સાથે ઊભી થઈને તરત પાછી બેસી જતી હતી.

મારું ધ્યાન એકાએક સામી હરોળમાં બેઠેલી સ્ત્રી તરફ ખેંચાયું. એ વીસબાવીસની હશે, એની આંખો નીચી ઢળેલી હતી. એના બન્ને હાથ એણે ઢાંકી દીધા હતા. કદાચ એને શરીરે કોઢ હશે, કદાચ દાઝ્યાના ડાઘ હશે. પણ એ તીણા સ્વરે કંઈક ગાતી હોય એવું સંભળાતું હતું. એને ગાવું કહેવાય કે કેમ તે મને સમજાતું નહોતું. પણ એનું આ ગાવું, એનો આ તીણો સ્વર, રહી રહીને તીક્ષ્ણ સોયની જેમ મને વીંધ્યા કરતો હતો.

ત્યાં એકાએક કશોક વિચિત્ર અવાજ થયો. મોટર નીચે કચડાઈ જતું કૂતરું છેલ્લે થોડુંક રડવા જેવું કરીને ડચકારો ખાઈ જાય તેના જેવો એ અવાજ હતો. આથી હું ચોંકી ઊઠ્યો, પણ પછી મેં જોયું તો થોડે થોડે વખતે એ માણસ આવો અવાજ કર્યા કરતો હતો. બીજી એક વિલક્ષણ વાત મેં એ નોંધી કે એ હોલમાં બેઠેલાં માણસ (મારા સિવાય) કોઈ એકબીજાની તરફ જોતાં નહોતાં, એકબીજામાં કશો રસ ધરાવતાં દેખાતાં નહોતાં.

મારી હરોળમાં છેલ્લે બેઠેલી વ્યક્તિ સ્ત્રી હશે કે પુરુષ તે હું કહી શકતો નહોતો. એનું લગભગ આખું મોઢું ખૂબ ધોળું ધોળું દેખાતું હતું. કદાચ એને મોઢે પાટો બાંધ્યો હશે. કદાચ એ પૂતળું પણ હોય, પ્લાસ્ટરકાસ્ટ હોય, એ વ્યક્તિ કશી જ હલનચલન કરતી હોય એવું દેખાતું નહોતું. પણ ક્યાંકથી કણસવાનો અવાજ આવતો હતો. એ અવાજ એ વ્યક્તિની દિશામાંથી આવતો હોય એવું મને લાગ્યું. કદાચ એ મારી ભ્રાન્તિ પણ હોય. પછી મને એવું લાગ્યું કે જાણે હું ડોલી રહ્યો છું. મેં કશોક આધાર શોધ્યો. પણ મને તો અમે બધાં જ અને આખો ઓરડો જ ડોલતો લાગ્યો. કેલેંડરના પાના પરના ચિત્રમાં માણસો હોય અને પવન આવતાં એ પાનું હાલે તેની સાથે એ ચિત્રમાંના માણસો હાલે તેમ અમે એમાં ડોલી રહ્યાં હતાં. બધું જાણે સપાટ બની ગયું હતું.

મેં ગભરાઈને બહાર નજર કરી તો બધાં ઘર પણ પૂઠાંનાં હોય એમ પવનમાં હાલતાં

હતાં. આકાશ ધોળા પડદાની જેમ પવનમાં હાલી રહ્યું હતું. માણસો રસ્તા પર પવનમાં ઊડતા કાગળની જેમ અહીંથી તહીં ઊડી રહ્યાં હતાં.

આ જોઈને મને આખે શરીરે પરસેવો વળી ગયો. મારું હૃદય જોરથી ધબકવા લાગ્યું. એનો અવાજ સાંભળીને કે કોણ જાણે શાથી મારી પાસેના માણસે ચમકીને મારી સામે જોયું. થોડી વાર તો ભયથી હું મૂઢ બની ગયો ને લગભગ જડ થઈ ગયો. પછી ધીમે ધીમે વિચારો સળવળવા લાગ્યા. મારી 'ઓપ્ટિક નર્વ' ઇજા પામી હશે? મારા મગજમાં કોઈ વિક્રિયા થઈ હશે? ના, એવું તો નહીં હોય, કારણ કે હજી હું વિચારી શકું છું. પણ રહી રહીને એક ધ્રૂજારી મારા શરીરમાંથી પસાર થઈ જતી હતી. મને એમ થયું કે કશું કઠણ, નક્કર, બોર ખાધા પછી ઠળિયો મોઢામાં રહી જાય અને તેને થોડી વાર અન્યમનસ્ક બનીને મમળાવ્યા કરીએ એવું કશુંક પણ હોય તો કેવું સારું! ઘડીભર મને એમ લાગ્યું કે મારી સામે બેઠેલી સ્ત્રીએ એનો સંતાડેલો હાથ બહાર કાઢ્યો છે. એ હાથ પણ વૃક્ષની ડાળની જેમ પવનમાં ડોલવા લાગ્યો છે. નાના બાળકની જેમ હું મારી માનો ખોળો કે પિતાનો ખભો શોધવા લાગ્યો. પત્ની તો દશભુજા દુર્ગા જેવી દેખાઈ, પણ એ દશમાંનો એક્કેય હાથ ઝાલી શક્યો નહીં.

આ સ્થિતિમાં હું કેટલો વખત રહ્યો હોઈશ તેનો ખ્યાલ નથી. હવે ઘણી ખુરશીઓ ખાલી થઈ ગઈ હતી એ મેં જોયું. આથી મને ધરપત થઈ. મને એમ થયું કે હવે મારો વારો આવશે. જે હશે તે સમજાઈ જશે. આમ વિચારીને હું થોડી વાર આંખ બંધ કરીને બેસી રહેવાનું કરવા જતો હતો ત્યાં મને સમજાયું કે મારી આંખો હું બીડી શકતો નહોતો.

એ દરમિયાન બરાબર કેન્દ્રમાં બેઠેલો માણસ ઊઠ્યો, એણે ખોંખારો ખાધો. એ મારી તરફ આવતો હોય એવું મને લાગ્યું. પણ એ જાણે કેટલેય દૂરથી ચાલતો આવતો હોય એમ ચાલ્યા જ કરતો હતો. હું એને ધીમે ધીમે પાસે આવતો જોઈ રહ્યો હતો. મને ખબર નથી કે કેટલો સમય વીત્યો, પણ એકાએક મેં એને મારી પાસેના માણસના ખભા ઉપર હાથ મૂકીને ઊભો રહેલો જોયો. એનું મોઢું તો સ્પષ્ટ દેખાતું નહોતું, પણ મારી પાસેના માણસના ખભા ઉપર મૂકેલો હાથ સ્પષ્ટ દેખાતો હતો. એ હાથ મીણમાંથી બનાવ્યો હોય એવું લાગતું હતું. એ મીણ જાણે તાપથી ઓગળતું હતું ને તેથી એની એકાદ આંગળી તો ઓગળી જવા આવી હતી.

આ જોઈને મેં મારા હાથની આંગળીઓ એકબીજા સાથે ગૂંથી લીધી. મેં આંખો બંધ કરવાનો પ્રયત્ન ફરીથી કરી જોયો. પણ કાંઈ વળ્યું નહીં. મને વહેમ ગયો કે પેલો માણસ આખો ને આખો ઓગળી તો નહીં જાય ને! હું આ વિચારમાં જ હતો, ત્યાં પેલા સળેકડા જેવા છોકરાએ આવીને એક નામ ઉચ્ચાર્યું. એ મીણનો માણસ ફ્લૅપડોર તરફ વળ્યો ને એની પાછળના દાક્તરના ઓરડામાં અદૃશ્ય થઈ ગયો.

હવે અમે ચાર–પાંચ જણ જ રહ્યાં હતાં. એ દરમિયાન પેલી ડૂબેલા માણસ જેવી ફૂલેલા શરીરવાળી સ્ત્રી જાણે વધારે ફૂલી ગઈ હોય એવું લાગતું હતું. યુવાન સ્ત્રીનો અવાજ વધુ તીણો બની ગયો હતો. અત્યાર સુધી મેં એક વ્યક્તિને તો જોઈ જ નહોતી તે મને સમજાયું. એ સ્ત્રી એક બાળકને ખોળામાં લઈને બેઠી હતી. એણે માથું ખુરશીની પીઠ પર નાખી દીધું હતું. એથી એનું મોઢું હું સ્પષ્ટ જોઈ શકતો નહોતો. પણ એનાં બે સ્તન ખુલ્લાં હતાં. એ સ્તનને જાણે એની સાથે સમ્બન્ધ નહોતો. એ બે સ્તન બે વિશાળ આંખોની જેમ તાકી રહ્યાં હતાં. હું કોણ જાણે શાથી એને જીરવી શકતો નહોતો.

ધીમે ધીમે ઓળાઓ લંબાતા ગયા. ઓરડામાં લગભગ સૂનકાર વ્યાપી ગયો. બહારના અવાજ પણ સંભળાતા બંધ થઈ ગયા હતા. હવે બે-ત્રણ જણ જ રહ્યા હતા. મને મનમાં થયા કરતું હતું કે કદાચ હવે મારો વારો આવશે. મેં નિશ્ચય કર્યો હતો કે હું ખૂબ લંબાણથી રજેરજ મારી વાત કરીશ. મારા શરીરમાંથી ઊંડે ઊંડેથી વ્યાધિને ખેંચી કાઢીને અહીં મૂકીને જ જઈશ. આ વિચારે હું બધી વિગતો ગોઠવવા બેઠો. ત્યાં મને વિચાર આવ્યો કે દાક્તર કેવા હશે? મેં એમને બહુ પડછંદ કલ્પ્યા નહીં. મધ્યમ કદના, આંખે ચશ્મા તો ખરા જ, થોડી ફાંદ વધેલી, બહુ વિનયપૂર્વકનો એન્ટિસેપ્ટિક છાંટેલો અવાજ, એમની કંઈક જાડી, છાતી પર ટકોરા મારતી આંગળીઓ, એમની આંખો વિશે મને ખાસ ચિંતા હતી અથવા ભય હતો. કોણ જાણે શાથી એમની આંખ પર જ બધો આધાર હોય એવું મને લાગતું હતું.

ત્યાં પેલો સળેકડા જેવો છોકરો મારી પાસે આવીને ઊભો રહ્યો. એણે મારું નામ વાંચ્યું. કોણ જાણે શાથી હું બેઠો જ રહ્યો. એણે મારી વધારે પાસે આવીને મારું નામ વાંચ્યું. મેં ઊભા થઈને જોયું તો આખો હોલ ખાલી હતો. ખુરશીઓમાં લંબાયેલા પડછાયાઓ જાણે

ગુસપુસ મારે વિશે કશીક વાત કરતા હતા. મેં ફ્લૅપડોર તરફ ચાલવા માંડયું. મારી બધી ફરિયાદો ક્રમમાં ગોઠવી દીધી.

ફ્લૅપડોર ખૂલતાંની સાથે જ મેં જોયું તો સામી દીવાલ પર નાના અક્ષરે ‘એવોઇડ’ અને મોટા અક્ષરે ‘ડેથ’ લખ્યું હતું. એ વાંચીને હું સહેજ ધ્રૂજી ઊઠ્યો. ટેબલ પાછળની ખુરશી લગભગ ખાલી લાગતી હતી. તેમાંથી ધીમે ધીમે, કોઈ સ્ક્રૂના આંટા ફેરવીને ઉપર ચઢાવતું હોય તેમ, એક માથું ઊંચે આવ્યું. એ મોઢું ઘણું નાનું હતું. આંખો માત્ર બખોલ જેવી હતી, હું એને બરાબર જોઉં ન જોઉં તે પહેલાં એ માથું પાછું નીચે ઊતરી ગયું.

# મહાનગર

અનેક વિટમ્બણાઓ વેઠીને આખરે ચિન્મયને ઘરે પહોંચ્યો. જઈને જોયું તો લિફ્ટ પર પાટિયું લટકતું હતું 'લિફ્ટ આઉટ ઓફ ઓર્ડર.' ચાર દાદર ચઢીને ચિન્મયને મળવા જવું કે નહિ? ક્ષણભર તો હું પાછા વળવાનું જ વિચારતો હતો. પછી પાછા જવાનું ઠીક લાગ્યું નહીં. હિંમત કરીને ચાર દાદર આખરે ચઢી ગયો. ચિન્મયે જ બારણું ખોલ્યું. ઘડીભર એના મોઢા પર કંઈક જુદો જ ભાવ દેખાયો. પછી એની આંખો આનન્દથી ચમકી ઊઠી. એ એની પત્નીને ઉદ્દેશીને બોલ્યો, 'જો તો, કોણ આવ્યું છે?' માયા બહાર આવી. એને જોતાં જ લાગ્યું કે એ લોકો ક્યાંક બહાર જવાની તૈયારીમાં જ હતા. માયા બોલી, 'કેટલા દિવસથી મુંબઈ આવ્યા છો? પહેલાં તો અમારે ત્યાં જ ઊતરતા હતા, ને હવે? બોલો, કેટલા દિવસ રહેવાના છો? કાલે રાતે જમવાનું અહીં જ રાખજો.' માયાનું સૂચન હું સમજી ગયો. પણ હજી મારો શ્વાસ હેઠો બેઠો નહોતો. ચિન્મય તરફ હું કદાચ આજીજીભરી નજરે જોઈ રહ્યો હોઈશ. એણે કહ્યું, 'તું એમ કર ને, અહીં જ બેસ, અમારી ક્લબની આજે ડિનર મિટિંગ છે એટલે અમે જરા જઈ આવીએ. રામો તને ચા કરી આપશે.' માયાએ ઉમેર્યું, 'અને જુઓને, છ તો થયા. ટી. વી. પર આજે સારો કાર્યક્રમ છે. અમે આઠ સુધીમાં તો આવી જ જઈશું.

મને કાંઈ બેસવાનું મન થયું નહિ. કાંઈ કેટલી બધી વાતો કરવાનું વિચારીને આવ્યો હતો, પણ થયું: આ તો મુંબઈ છે. લોકોને પહેલેથી બધું નક્કી કરવું પડતું હોય છે. મેં કહ્યું, 'તો મને થોડી ખરીદી કરવી છે તે પતાવી દઉં.' ચિન્મયે કહ્યું , 'કાલે રાતે આવવાનું નક્કી કરીને મને બપોરે ફોન કરી દેજે.' મેં કહ્યું, વારું.'

પછી યાદ આવી કરુણા. નામ જ કરુણા. બાકી આમ તો હાસ્યનો ફુવારો. એ અમારી મંડળીમાં ભારે ટિખળી. બે વરસથી પરણીને મુંબઈમાં રહે છે. મને થયું કે એને મળી લઉં. કરુણાને ઘરે પહોંચ્યો. સદ્‌ભાગ્યે એ ઘરે હતી. એ બારણું ખોલવા આવી ત્યારે ક્યાંક અંદરથી કોઈનો ગુસ્સામાં બોલવાનો અવાજ સંભળાયો. મેં જોયું કે કરુણાને મોઢા પર સ્મિત લાવતાં શ્રમ પડ્યો. એ બોલી 'ઓહો, તું ક્યારે આવ્યો?' હું અંદર દાખલ થયો. એણે આંખ અને આંગળીના ઇશારાથી મને કશુંક સમજાવી દેવાનો પ્રયત્ન કર્યો. હું સહેજ મૂંઝાઈ ગયો. મેં કહ્યું, 'અત્યારે તું કામમાં હોય તો હું પછી આવીશ.' ત્યાં અંદરથી ગર્જના સંભળાઈ, 'કારૂ, મારી ટ્રેન સાત પચ્ચીસે ઊપડે છે તે જાણે છે ને?' એની સાથે જ અંદરથી નાના બાળકના રડવાનો અવાજ સંભળાયો. કરુણા મને કશું કહ્યા વગર અંદરના ઓરડામાં ગઈ. એનું શરીર કંઈક સ્થૂળ થઈ ગયું હતું. આંખ નીચે કાળાશ છવાઈ ગઈ હતી. મને એના ચિરપરિચિત હાસ્યનો રણકો સાંભળવાની આશા હતી. પણ ત્યાં એના પતિ બહાર આવ્યા. મને જોઈને વિવેકપૂર્વક બોલ્યા, 'માફ કરજો, મારે ધંધાના કામે તાકીદે હૈદરાબાદ જવાનું છે.' હું સહેજ શિયાવિયા થઈને બોલ્યો, 'કાંઈ નહિ, પછી કોઈ વાર.' એમણે તો કરુણાને બોલાવીને કહ્યું, 'એઓ જાય છે. એકાદ કપ ચા –' મેં જોયું કે એમને વાક્યોને અડધેથી છોડી દેવાની ટેવ હતી. કરુણાએ હાથથી 'બેસ ને હવે' એવો ઇશારો કર્યો, પણ મને બેસવું ઠીક લાગ્યું નહિ. હું ઊઠ્યો, કહ્યું, 'તું વડોદરા આવે ત્યારે મળજે. ચારુ તને ખૂબ યાદ કરે છે.' હું બહાર નીકળી ગયો.

મને બધું યાદ આવ્યું. પેરિસિયનમાં બપોરે અમે કોફી ગટગટાવતાં બેસતાં. ચિન્મય એની નવી કવિતા વાંચતો, પ્રમથ હુસેર્લ હાઇડેગરની વાતો કરતો, અનુરાધા એના સમાજવિદ્રોહના ભાવિ કાર્યક્રમની અવનવી કલ્પનાઓ રજૂ કરતી. પ્રમથને તો ગિરનારની ગુફામાં કોઈ ગુરુ મળી ગયા છે. એ એકસ્ટ્રાસેન્સરી પરસેપ્શનની ને એસ્ટ્રલ બોડિઝની ને અદૃશ્ય વિદ્યુત આંદોલનોની વાતો કરતો થઈ ગયો હતો. પ્રણતિ જુદાં જુદાં કલ્ચરલ ડેલિગેશન્સમાં ચારેક વાર પરદેશની યાત્રા કરી આવી હતી. અત્યાર સુધીમાં એણે પોતાના નામની આસપાસ સારી એવી દન્તકથાઓ એકઠી કરી હતી. અર્જુન તો પહેલેથી જ મહારથી હતો. પહેલાં ગાંધીવાદી, પછી સમાજવાદી અને હવે નકસલવાદી થવામાં નિષ્ફળતા મળ્યા પછી, ક્યાંક ભૂગર્ભમાં કશીક પ્રવૃત્તિ ચલાવી રહ્યો છે એવું મેં સાંભળ્યું હતું.

આ મહાનગરમાં મેં યુવાનીના પ્રારંભનાં વર્ષો ગાળ્યાં હતાં. અને આજે હવે એકાએક મને બધું સાવ અજાણ્યું લાગવા માંડ્યું. ઊંચાંઊંચાં મકાનો પરથી નિયોન લાઇટમાં ઝબૂકતી જાહેરાતો, સિનેમાઓની ઇન્દ્રપુરી, ભીંસી નાખતી લોકોની ભીડ – હું જાણે હદપાર થઈને કોઈ નવી જ સૃષ્ટિમાં આવી ચડ્યો હોઉં એવું લાગ્યું. વાતાવરણમાં નહિ સારેલાં આંસુની ભીનાશ હતી. આકાશ, પંખીઓના ઉડ્ડયનની રેખા વગરનું, કોરુંકટ હતું. ગઈ કાલનો વાસી રવિવાર હજી કોઈ આંધળી ગલીમાં અડબડિયાં ખાતો હતો. સરકારી કર્મચારીઓના, કચેરીમાંના ઘડિયાળના લયથી ધબકતાં, હૃદયો સંભળાતાં હતાં. મનુષ્યો પોતપોતાના પડછાયાની હૂંફમાં ચાલી રહ્યાં હતાં. દીવાલ વગરના કબ્રસ્તાનમાં હાડકાંઓનો પાસું બદલવાનો અવાજ સંભળાતો હતો. ત્યાંથી મરણનો રેલો બધે પ્રસરતો જતો હતો. મારા અસ્થિમાં હું એનો સ્પર્શ અનુભવતો હતો. ચારેબાજુના માનવપ્રવાહમાં જાણે મરણના ધ્વનિથી સ્ફીત એવી નૌકાઓ અદશ્યપણે તરી રહી હતી.

મારો શ્વાસ રૂંધાવા લાગ્યો. ક્યાંક કોઈ જાણે અવાજ વિના બરાડી રહ્યું હતું. ભૂખરા રંગની લહરીઓ ચારે બાજુ વાતી હતી. એ ભૂખરો રંગ ઘનીભૂત થઈને પૃથ્વી પર નહિ જોયેલા એવા કશાક અન્ધકારને રચ્યે જતો હતો. હું ધકેલાતો, હડસેલાતો એ બુગદામાં પ્રવેશી રહ્યો હતો અને આંખોને ચૂંચી કરીને બુગદાનો બીજો છેડો જોવા મથી રહ્યો હતો. એકાએક એ અન્ધકાર શબ પર ઓઢાડેલા કાળા ધાબળાની જેમ મારા પર પથરાઈ ગયો. કોઈ મુમુર્ષુ વૃદ્ધના શ્વાસોચ્છ્વાસ જેવું અપારદર્શક ધુમ્મસ મને ઘેરી વળ્યું.

અત્યાર સુધી મેં વાપરેલા બધા શબ્દોના ઢગલાને ફેંદતો ફેંદતો હું ચાલ્યે જતો હતો, પણ મને ચારે બાજુની નિસ્તબ્ધતાને ભેદીને બહાર સૂર્યને અંદર ખેંચી લાવે એવો એકેય શબ્દ જડતો ન હતો. મારા હૃદયમાં સમુદ્રની સ્મૃતિ સળવળી ઊઠી. પ્રારમ્ભના દિવસોમાં હેમ્લેટની અદાથી માહીમના દરિયા આગળના ખડક પર ઊભા રહીને મેં કેટલીય સ્વગતોક્તિઓ ઝીંકી હતી. જૂના કિલ્લાના બૂરજ આગળ બેસીને ભૂતકાળના ઓસરી ગયેલાં સૈન્યોનાં પૂરને જોયાં હતાં. ખડકો સાથેની જળની થપાટોનો અવાજ સાંભળવા હું તલસી રહ્યો. મરીન ડ્રાઇવની પાળ પર વરસાદ અને પવનની ઝાપટને માણતાં ફર્યા કરવાનું મન થયું. ક્ષિતિજ પર ધોળા સઢવાળા એક વહાણને જોવાને હું ઝંખી રહ્યો.

એકાએક મારી ચારે બાજુ ઘોંઘાટનું નિબિડ અરણ્ય ઊગી નીકળ્યું. એમાં થોડી ભયત્રસ્ત આંખો તગતગી ઊઠી. ટેલિફોન ચિત્કાર કરતા ગીધની જેમ ઊડાઊડ કરવા લાગ્યા. રેલવે સ્ટેશનના પોર્ટરોનાં થાકેલાં હાડકાં ચીંચવાઈ ઊઠ્યાં. હાઇકોર્ટમાંથી સામસામે બરાડતા વકીલોના અવાજો કાળો ડગલો પહેરીને ઊડવા લાગ્યા. યુનિવર્સિટી લાયબ્રેરીમાંથી લાખો પુસ્તકો એકી સાથે ગણગણી ઊઠ્યાં. એ બધા અવાજો વચ્ચે મને સમ્બોધીને સ્નિગ્ધતાથી ઉચ્ચારાયેલો એક શબ્દ સાંભળવા હું ઉત્સુક થઈ ઊઠ્યો.

ત્યાં એકાએક ક્યાંક લાંબા સમયથી પુરાઈ રહેલો પવન નાસી છૂટ્યો. એ પવનના સ્પર્શે માનવીઓનાં વજન કોણ જાણે ક્યાં ને ક્યાં ઊડી ગયાં અને મારી ચારે બાજુના માનવીઓ દીવાલો પરના પોસ્ટરોની જેમ ચારે બાજુ ઊડવા લાગ્યા. મોટાં ગગનચુમ્બી મકાનો આકાશમાં ડોલવાં લાગ્યાં. ઘડિયાળના ચન્દાનાં બે કાણાંમાંથી ગભરાયેલા પતંગિયાના જેવો સમય ફરરર દઈને ઊડી જવા લાગ્યો. મેં ચારે બાજુ જોયું તો પોસ્ટરમાંની અભિનેત્રીઓ, જાહેરખબરની સુંદરીઓ, નિયોન લાઇટના ઝબૂકતા અક્ષરો – વંટોળમાં ચક્રાકારે ઘૂમી રહ્યાં હતાં. સ્પન્દિત થઈ ઊઠેલી શેરીઓમાં ફુગ્ગાની જેમ ઊંચે ઊડતા માણસોની જેમ હું માંડ મારું વજન સંભાળતો ઊભો રહી ગયો. કરુણા, પ્રણતિ, અર્જુન, અનુરાધા – આ બધાંય એમનાં વજન ગુમાવીને પોસ્ટરમાંનાં ચિત્રો જેવા બની ગયેલાં મેં જોયાં. મારું હૃદય કશીક અકથ્ય ગ્લાનિથી ભરાઈ ગયું. પહેલાં વરસાદ પછી ઊગી નીકળેલા તૃણાંકુરને મારા પગ ઝંખી રહ્યા. વૃક્ષોની ઘટા નીચે ઘડીક ઊભા રહીને હું મારા શ્વાસને ગોઠવી લેવા અધીરો બન્યો. ટહુકો વેરીને ઊડી જતાં પંખીના આશ્વાસન માટે મેં આકાશમાં નજર નાખી. મને કશું દેખાયું નહિ. એકાએક પવન થંભી ગયો. જે બધું હતું તે ભોંય પર પટકાઈને પડ્યું. એના ઢગલા વચ્ચેથી રસ્તો કાઢતો કાઢતો હું આગળ ચાલ્યો – જે બે આંખોને છોડીને આ મહાનગરમાં આવી ચઢ્યો હતો તેની દિશામાં.

# અગતિગમન

ઘરેથી નીકળતાં જ મને લાગ્યું કે મોડું થઈ ગયું હતું. ઉતાવળ કરવા જઈએ તેથી જ મોડું થઈ જાય છે એનો અનુભવ આ પહેલાં મને થઈ ચૂક્યો છે. પણ હું ગભરાટિયા સ્વભાવનો માણસ છું. પરગામ જવું એ મારે માટે તો એક આફત છે. હું ગાડી આવવાને એક કલાક પહેલાં જ સ્ટેશને પહોંચી જાઉં છું. પછી બુકસ્ટોલ પર ચોપડીઓ જોવામાં પડ્યો હોઉં છું અને ગાડી આવી જાય છે ને હું હાંફળોફાંફળો જગ્યા મેળવવા દોડું છું. આજે સવારે ઊઠીને ઘડિયાળમાં જોયું તો સાડા પાંચ થયેલા. ઘડિયાળ સાથે મારો મેળ કદી ખાધો નથી. રેડિયો સાંભળવાની મને ટેવ નથી. પણ દેશ આખો તો સરકારી સમય પ્રમાણે ચાલે છે. મારી બારીમાંથી ટાવરનું ઘડિયાળ દેખાય છે. પણ એક સવારે એના એક કાંટા પર એક અજાણ્યા પંખીને જોઈને હું છળી મર્યો હતો. કાંડા ઘડિયાળ હું રાતે પણ પહેરી રાખું છું. પણ આજકાલ એ લોકો આંકડો લખવાને બદલે માત્ર ટપકાં મૂકે છે. આથી થયેલા સાડા છ, પણ મને દેખાયા સાડા પાંચ. ઊંઘ નો'તી આવતી તોય એક કલાક બાકી છે એમ માનીને પડ્યો રહ્યો. ત્યાં બારીમાંથી પ્રભાતની ટશર દેખાઈ ને હું સફાળો ઊભો થઈ ગયો. ઉતાવળમાં રેઝરમાં બ્લેડ મૂકવી જ ભૂલી ગયો ને દાઢી કરવા માંડી. ગરમ ચા પીવા જતાં જીભ દાઝી ગઈ. મોજાં ઊંધાં પહેર્યાં. તાળું વાસવા જતાં યાદ આવ્યું કે ચાવી તો અંદર રહી ગઈ છે. મને થયું: આજની સાડા સાતની બસ જરૂર હું ચૂકી જવાનો, પણ બસસ્ટોપ પર પહોંચ્યો ત્યાં જ એક બસ આવી. કયા રૂટની હતી. ક્યાં જવાની હતી, એ જોવાનો સમય જ ક્યાં હતો! છતાં જરા દ્વિધા તો થઈ: જાઉં કે ન જાઉં? ત્યાં તો લોકોના ધક્કાએ જ મને બસમાં ચઢાવી દીધો. બસમાં ભીડ એટલી હતી કે પાસેના માણસની પીઠ જ હું જોઈ શકતો હતો. બસ ચાલવાની ગતિનો અનુભવ

થતો નહોતો. મારી દરરોજની બસના પરિચિત માણસોનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કર્યો, પણ મને એક અસ્પષ્ટ ગણગણાટ સિવાય કશું સંભળાતું નહોતું. મનમાં રહી રહીને શંકા થયા કરતી હતી: ખોટી બસમાં તો નથી ચઢી ગયો ને! બારી પણ દેખાતી નહોતી. આથી દિશા નક્કી કરવાનું પણ મારે માટે અશક્ય હતું. પણ સવાલ તો માત્ર પિસતાળીસ મિનિટનો જ હતો ને! આમ હું વિચારતો હતો ત્યાં જ પાછળથી ધક્કો વાગ્યો ને ગભરાટના માર્યા મેં આંખો બંધ કરી દીધી. થોડી વાર રહીને મેં આંખો ખોલી તો હું એક સીટ પર બે જણની વચ્ચે ચપોચપ ગોઠવાઈ ગયો હતો. મેં એ બંને વ્યક્તિઓને ઓળખવાનો પ્રયત્ન કર્યો. બારી પાસેની વ્યક્તિનો હાથ મારી સાથળ પર પડ્યો હતો. એ હાથની ચામડી તગતગતી હતી. એના પર જાંબુડી રંગની ઝાંય પડતી હતી. એનો હાથ જોતાં એ વ્યક્તિ સ્થૂળ હશે એવું મને લાગ્યું. પણ એનો હાથ ફૂલી ગયેલો હોય એવું લાગતું હતું. બારીના કાચમાં, મેં સહેજ ડોક ફેરવીને એના ચહેરાનું પ્રતિબિમ્બ જોઈ લીધું. એના ચશ્માના કાચ પર તડકો પડવાથી એની આંખો દેખાતી નહોતી. પણ એનો ચહેરો, કોણ જાણે શાથી, મને વિચિત્ર લાગ્યો. પેલા હાથના પ્રમાણમાં મોઢું ઘણું નાનું હતું. ગાલ બાળકોના હોય છે તેવા ફૂલેલા હતા. હોઠ પાતળા હતા. દાઢી તો જાણે હતી જ નહિ. કપાળ જેવું તો જાણે કશું હતું જ નહીં. થોડી થોડી વારે, કોણ જાણે શા કારણે, એના ગાલ ઊપસી આવતા હતા અને આંખો સાવ દબાઈ જતી હતી. એ કદાચ એના હસવાને કારણે હશે એવું મેં ધાર્યું, પણ હસવાનો કશો અવાજ આવતો નહોતો. મારી સાથળ પરનો એનો હાથ મને ભારે લાગવા માંડ્યો હતો. એ હાથ ખસેડી નાખવાની હું એને વિનંતિ કરું, પણ હું બોલીશ તે એને સંભળાશે? છતાં હું બોલ્યો તો ખરો જ, પણ મનેય મારો અવાજ સંભળાયો નહિ. મારી છેડેની સીટ પર બેઠેલી તે સ્ત્રી હતી. મારા શ્વાસને રૂંધી નાખે એવી ગન્ધ એના શરીરમાંથી આવતી હતી. એના ખુલ્લા હાથ પર થઈને પરસેવો નીતરતો હતો. એ કંઈક ગણગણતી હોય એવું મને લાગ્યું. થોડી થોડી વારે એ આંખો રૂમાલથી લૂછતી હતી. એ કદાચ રડતી પણ હોય. એકાદ વાર તો એના બંને હોઠ, જાણે એ ચીસ પાડવા જતી હોય તેમ, ખૂલી ગયા અને મેં તો મારા કાનમાં આંગળી પણ ખોસી દીધી. થોડી વાર સુધી તો એના હોઠ એ 'ઓ' બોલતી હોય તેમ ખુલ્લા જ રહી ગયા. મને થયું: હવે એ હોઠ બીડાશે જ નહિ કે શું? એ તરફથી મેં મારી નજર ફેરવી લીધી. ડ્રાઇવરની પાછળની સળંગ સીટ પર બેઠેલા આઠ જણ કોઈક ગાયકવૃન્દમાં ગાતા હોય તેમ આખા શરીરથી તાલ આપતા ઝૂમી રહ્યા હતા. મને એમની

અદેખાઈ આવી. એમને હાલવા પૂરતી મોકળાશ હતી. છતાં એક વાત મને વિચિત્ર લાગી: એમના હોઠ ખૂલતા નહોતા, એમની આંખો બંધ હતી. કદાચ બસની ગતિને કારણે જ એઓ હાલતા હશે. થોડી થોડી વારે એમના ચહેરા પરથી એક મોટો પડછાયો પસાર થઈ જતો હતો. કદાચ રસ્તા પરના ઝાડનો જ એ પડછાયો હશે પણ એ પડછાયો પડતાં જ એમના ચહેરા, કોણ જાણે શાથી, મને ભયાવહ લાગવા માંડતા હતા. મારી પાછલી સીટ પર ક્યાંકથી કબૂતર બોલતું હોય તેવો અવાજ થોડી થોડી વારે આવ્યા કરતો હતો. મને થયું; કોઈ મા પોતાના બાળકને રમાડતી હશે. ડાબી તરફથી ધુમાડાની સેરો મારા તરફ આવવા લાગી ને એને કારણે મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મારી નજર સામે બધું જાણે તરતું હોય એવું લાગ્યું. મારે આંખો લૂછવી હતી. પણ મારા બન્ને હાથ દબાઈ ગયા હતા. મારે પગે ખાલી ચઢી હતી. મેં પગ ઊંચો કરવાનો પ્રયત્ન કર્યો પણ એ બની શક્યું નહિ. એટલામાં એકાએક કોઈકના બૂટથી મારો પગ કચડાતો હોય એવું મને લાગ્યું. મેં નજર ઊંચી કરીને જોયું તો કંડક્ટર હતો. એણે એની ટોપી છેક આંખ સુધી ખેંચી લીધી હતી. એનું મોઢું ભરાવદાર અને એનાં જડબાં ખૂબ પહોળાં લાગતાં હતાં. મારી પાસે પૈસા લેવા લંબાવેલો એનો હાથ અદ્ધર જ રહી ગયો. પછી એણે હોઠથી કશો અવાજ કર્યો, હાથથી મને કશો ઇશારો કર્યો, હું એમાંનું કશું જ સમજી શક્યો નહિ. એનો હાથ ઊંચો થયો, મારા ગાલ પર ઝણઝણાટી થઈ આવી. આવું તો કશું જ બન્યું નહોતું. છતાં ભયથી મેં આંખો બીડી લીધી. એ દરમિયાન કોઈ દેવળમાં સમૂહપ્રાર્થના થતી હોય એવા ગણગણાટને કારણે કે કોણ જાણે શાથી મારી આંખ પર ભાર વર્તાવા લાગ્યો. ઘડી આંખ ખૂલે, ઘડી બંધ થાય એવું થવા માંડ્યું. પછી કદાચ આંખ બંધ રહેવાનો એક મોટો ગાળો આવી ગયો હશે. એકાએક કશો ધક્કો વાગતાં મેં આંખો ખોલીને જોયું તો હું ઊંઘમાં બારી તરફ ઢળી પડ્યો હતો. મારી સીટ પર, મારી આજુબાજુમાં કોઈ જ નહોતું. હું હજી તો આંખો ચોળીને સરખો બેસવા જતો હતો ત્યાં જ બારીમાંથી પવનનો એક સપાટો આવ્યો ને કેટલાંય સૂકાં પાંદડાં અંદર વહી આવ્યાં. સૂકાં પાંદડાં અને ધૂળને કારણે બસમાં કશું દેખાતું જ નહોતું. મને થયું કે હવે જરા પગ ઉપર લઈને આરામથી બેસું, મેં મારી આજુબાજુ નજર કરી તો કોઈ દેખાયું નહિ. એકાદ બે સીટ પર કોઈ શરીર લંબાવીને આડેપડખે થયા હોય એવો આભાસ થયો. મેં પવનના સુસવાટાને કારણે બારીનો કાચ બંધ કર્યો. સહજ જ મારી નજર એમાં પડતા પ્રતિબિંબ તરફ ગઈ. મેં જોયું તો એમાં કોઈ વિચિત્ર જ માણસ મને દેખાયો. એની એક આંખની

જગ્યાએ માત્ર કાણું હતું. એનો નીચેનો હોઠ લબડી પડ્યો હતો. એના મોઢામાંથી લાળ જેવું કશુંક ટપકતું હતું. મેં મારી બન્ને આંખો તપાસી લીધી. એ તો એને ઠેકાણે જ હતી. હોઠ પર હાથ ફેરવ્યો તો ત્યાં કશી ભીનાશ નહોતી. એકદમ હું ભયથી ધ્રૂજી ઊઠ્યો. તો આ ચહેરો કોનો? કોઈ કાચની બીજી બાજુથી મને જોઈ રહ્યું હશે? કે પછી આ બધી મારા મનની જ ભ્રાન્તિ! હું બોલવા ગયો. ‘કંડક્ટર.’ મારા શબ્દો ચારે બાજુથી પડઘાઈને પાછા આવ્યા. હું સફાળો ઊભો થઈ ગયો. જોયું તો આખી બસ ખાલી હતી. મને થયું કે ઊંઘમાં હું ઊતરવાનું ભૂલી ગયો હોઈશ. આથી હું ઊઠીને બારણાં તરફ વળ્યો. પણ બસ તો ઝડપથી દોડી રહી હતી. એની ગતિના આંચકાથી હું પાછો સીટ પર ફસડાઈ પડ્યો. મેં ડ્રાઇવરની સીટ તરફ જોયું તો ત્યાં કોઈ હોય એવું લાગ્યું નહિ. કદાચ ડ્રાઇવર કશુંક લેવા નીચે વળ્યો હશે. પછી ભયના માર્યા મેં એ તરફ નજર કરી નહિ. બસ દોડી રહી છે કે નહિ તેની ખાતરી કરવા મેં બારીની બહાર નજર કરી તો ચારે બાજુ મેદાન હતું. એકે વૃક્ષનો અણસાર સરખો નહોતો. એકાએક પંખીઓનું એક ટોળું, કિકિયારી કરતું, ઉપરથી પસાર થયું ને એનો લાંબો પડછાયો છવાઈ ગયો. પવન વાયો ને એવી તો ધૂળ ઊડી કે આંખ સામે બધું એકાકાર થઈ ગયું. થોડી વાર રહીને આંખો ખોલી તો દૂર દૂર એક શહેર હોય એવો ભાસ થયો. એનાં મકાનો એકના પર એક ટેકવ્યાં હોય એવું લાગતું હતું. કોઈક વાર જાણે એ પવનમાં ડોલતાં પણ લાગતાં હતાં. એ બધાં હમણાં પડી જશે કે શું એવી ભીતિથી હું કંપી ઊઠ્યો. પછી બસ એક ઢોળાવ ઊતરવા લાગી ને નીચે ને નીચે જતી ગઈ. ચારે બાજુએ ડુંગરની ધાર જાણે ભીંસી નાખતી હોય તેમ નજીક ને નજીક આવવા લાગી. ઢોળાવને કારણે કે કેમ પણ બસની ગતિ એકદમ વધી ગઈ હતી. ડુંગરોએ દૃષ્ટિસીમાને આવરી લીધી હતી. આથી પેલું શહેર દેખાતું બંધ થઈ ગયું હતું. બસ થોડી વાર રહીને ફરી ખુલ્લા અવકાશમાં આવી, મેં જોયું તો રસ્તાની ધારે થઈને મોટું પશુઓનું ધણ જઈ રહ્યું હતું. બસ એટલા તો વેગથી જતી હતી કે પશુઓનાં માત્ર કાળાં ટપકાં જ દેખાતાં હતાં. એમાંનાં એકાદ બે તો કદાચ બસ નીચે ચગદાયાં પણ હશે, કારણ કે મને આછા ચિત્કાર જેવું કશુંક સંભળાયું હતું. આ પછી મેં હિંમત કરીને ડ્રાઇવરની સીટ તરફ જોયું તો ત્યાં કશાક આકારનો ભાસ થયો. ટુરિસ્ટો માટેની બસમાં હોય છે તેવું લાઉડસ્પીકર આ બસમાં હશે એની મને ખબર નહોતી. પણ એ લાઉડસ્પીકરમાંથી કોઈક કશું કહી રહ્યું હતું. મેં એ સાંભળવાનો પ્રયત્ન કર્યો, પણ પવનના સૂસવાટામાં મને કશું સંભળાયું નહિ. ખૂબ પવન હોવા છતાં મેં બારીની બહાર

મોઢું કાઢીને જોયા કર્યું. કોઈ વાર એકલદોકલ માણસ દેખાયાં હોય એવું લાગે પણ એની ખાતરી કરવા જાઉં ત્યાં તો બસ ખૂબ આગળ નીકળી ગઈ હોય. થોડી વાર થઈને બસ એકાએક ડોલવા લાગી. મને લાગ્યું કે કોઈ મોટો વળાંક આવ્યો હશે. હું સળિયાને પકડીને સમતુલા જાળવીને બેઠો. મેં રસ્તા પર આગળ નજર કરી તો લોકોનું મોટું ટોળું સામેથી આવી રહ્યું હોય એવું મને લાગ્યું. બસને પૂરપાટ દોડી રહેલી જોવા છતાં એમાંનું કોઈ સહેજેય બાજુએ ખસતું નહોતું. બસ તો એ ટોળાંની નજીક ને નજીક ધસ્યે જતી હતી. મને તમ્મર આવ્યાં. મેં આંખો બંધ કરી દીધી. એક મોટો આંચકો આવ્યો. મને લાગ્યું કે હું ક્યાંક શૂન્યમાં ફંગોળાઈ રહ્યો હતો. મેં આંખો ખોલી. જોયું તો હું બસની રાહ જોતાં ટોળાં વચ્ચે ઊભો હતો. ત્યાં બસ આવી, ટોળાંએ મને ધકેલ્યો. હું બે ઊભેલા માણસોની વચ્ચે દબાઈ ને ઊભો રહ્યો. હું મારી આગળના માણસની માત્ર પીઠ જ જોઈ શકતો હતો. બસ ચાલવાની ગતિનો પણ મને અનુભવ થયો નહોતો...